

કહાન સં. ૧૪ સં. ૨૦૫૦ (૬૦૮) ✻ આત્મધર્મ ✻ (અંક-૧૨ વર્ષ-૫૦) વીર સં. ૨૫૨૦ જૂન, ૧૯૯૪

# 卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* મિથ્યાદૃષ્ટિ જીવને જે પ્રગટ છે એવો જીવ-કર્મના એકત્વરૂપ વિપરીત સંસ્કાર કેમ પ્રવર્તી રહ્યો છે એ આશ્ચર્ય છે! ભાવાર્થ આમ છે કે સહજ જીવ-અજીવ ભિન્ન છે એવું અનુભવતા તો બરાબર છે, સત્ય છે; મિથ્યાદૃષ્ટિ જે એક કરીને અનુભવે છે તે આવો અનુભવ કઈ રીતે આવે છે તે મોટો અચંબો છે! ૩૭૯.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૪૩)

* હે પ્રાણી! પ્રાયઃ પ્રત્યેક પ્રાણીઓનાં અંતઃકરણ એ આશારૂપ મહાન, ગહન, ગંભીર અને અતિ ઊંડા ગર્ત (કૂવા) છે. વળી તે અમર્યાદિત છે. જેમાંના એક ગર્તમાં આ ત્રણ લોકની સમસ્ત વિભૂતિ માત્ર એક અણુ સમાન સૂક્ષ્મપણે વર્તે છે, અને જગતવાસી પ્રાણીઓ તો અનંતાનંત છે, તો એ ત્રણલોકની સમસ્ત વિભૂતિની વહેંચણી કરતાં કોને કોને કેટલી કેટલી આવે? અર્થાત્ ત્રણલોકની સમસ્ત વિભુતિ કદાચ એક પ્રાણીના હાથમાં આવી જાય, તોપણ તેની તૃષ્ણા શાંત થાય નહિ. ધનાદિ સર્વ સંપત્તિ જગતમાં સંખ્યાત છે, જ્યારે તેના ગ્રાહક અનંતાનંત છે. માટે હે આત્મા! તારી એ વિષયની આકાંક્ષા વ્યર્થ છે. ૩૮૦.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૩૬)

* શુભ-આચરણરૂપ કર્મ અને અશુભ-આચરણરૂપ કર્મ—એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં અને એ રીતે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં, મુનિઓ કાંઈ અશરણ નથી, (કારણ કે) જ્યારે નિષ્કર્મ અવસ્થા (નિવૃત્તિ અવસ્થા) પ્રવર્તે છે ત્યારે જ્ઞાનમા આચરણ કરતું-રમણ કરતું-પરિણમતું જ્ઞાન જ તે મુનિઓને શરણ છે. તેઓ તે જ્ઞાનમાં લીન થયાં થકાં પરમ અમૃતને પોતે અનુભવે છે—આસ્વાદે છે. ૩૮૧.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૦૪)

કહાન
સંવત-૧૪
વર્ષ-૫૦
અંક-૧૨
[ ૬૦૮ ]




વીર
સંવત
૨૫૨૦
સં. ૨૦૫૦
JUNE
A. D. 1994

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# □ ત્રિકાળ-મુક્તના આશ્રયે મુક્તિ □

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં.-૪૯ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે તેના પ્રથમ અધિકારની આ ૬૮મી ગાથા ચાલે છે.

णवि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ ।
जिउ परमत्थे जोइया जिणवरु एउँ भणेइ ॥ ६८ ॥

મૂળ ગાથામાં આચાર્યદેવ કહે છે કે, આત્મા બંધ અને મોક્ષને કરતો નથી. પરંતુ ટીકાકાર ટીકામાં એ વાત પણ સિદ્ધ કરે છે કે પર્યાયદૃષ્ટિથી આત્મા બંધ, મોક્ષને કરે છે.

શુદ્ધ પરમ પારિણામિકભાવરૂપ વસ્તુ છે તે બંધની કર્તા નથી તેમ જ મોક્ષની કર્તા નથી. ધ્રુવ દ્રવ્ય કદી બંધને, મોક્ષમાર્ગને કે મોક્ષને કરે જ નહિ પણ દ્રવ્યની પર્યાયમાં વસ્તુના શુદ્ધસ્વરૂપની અનુભૂતિ નથી તેથી પર્યાયમાં તે શુભ અને અશુભ-ભાવપણે પરિણમી જીવન, મરણ અને શુભ-અશુભકર્મનો બંધ કરે છે.

જે મૂળ વસ્તુ છે તે તો પર્યાય વિનાની ધ્રુવ છે તે નિશ્ચયનો વિષય—નિશ્ચયતત્ત્વ છે અને તેની પર્યાય છે તે વ્યવહારનો વિષય—વ્યવહારતત્ત્વ છે. એકરૂપ ધ્રુવ...ધ્રુવ... ધ્રુવ તે નિશ્ચયતત્ત્વ છે અને પર્યાય વ્યવહારતત્ત્વ છે. આ વ્યવહારતત્ત્વમાં જ્યાં સુધી વસ્તુનું લક્ષ નથી, વસ્તુની રુચિ અને લીનતા નથી અર્થાત્ મોક્ષમાર્ગ નથી ત્યાં સુધી શુભ અને અશુભભાવની અનુભૂતિ હોય છે. પર્યાય શુભ અને અશુભભાવને કરે છે.

ત્રિકાળ ધ્રુવ વસ્તુ તો ઉત્પાદ–વ્યયને કે શુભ-અશુભભાવને કરતી જ નથી. પર્યાયમાં પણ શુભ-અશુભભાવ કરવાનો સ્વભાવ નથી પણ શુદ્ધ આત્માની અનુભૂતિ નથી તેથી અજ્ઞાનથી શુભાશુભભાવનું પરિણમન થાય છે અને તેથી કર્મોનું બંધન પણ થાય છે. જ્યારે પર્યાયમાં શુદ્ધ આત્માની અનુભૂતિ થાય છે અર્થાત્ સ્વસ્વરૂપની શ્રદ્ધા, સ્વસ્વરૂપનું જ્ઞાન અને સ્વસ્વરૂપમાં સ્થિરતા થાય છે ત્યારે પર્યાયમાં મોક્ષનો માર્ગ શરૂ થઈ જાય છે, તે પર્યાય શુદ્ધોપયોગથી પરિણત થઈ જાય છે. પૂર્ણ શુદ્ધતા થઈ જાય છે તે મોક્ષ છે. આમ બંધ, મોક્ષમાર્ગ અને મોક્ષનો કર્તા વ્યવહાર આત્મા છે. ધ્રુવ તેને કરતું નથી.

બંધ, મોક્ષ અને મોક્ષમાર્ગ નિશ્ચયવસ્તુમાં નથી. માટે નિશ્ચયનયથી જોઈએ તો વસ્તુ તો ત્રિકાળ એકરૂપ છે તેમાં બંધ, બંધમાર્ગ, મોક્ષ અને મોક્ષમાર્ગ એ બધાંનો અભાવ છે. એકરૂપ ત્રિકાળ સત્ત્વમાં બંધ–મોક્ષ છે જ નહિ. ફક્ત તેની એક સમયની પર્યાયમાં શુદ્ધાત્માની અનુભૂતિના અભાવે તે શુભાશુભરૂપે પરિણમે છે, જીવન–મરણને કરે છે અને કર્મને બાંધે છે. એ જ દ્રવ્ય પોતાના શુદ્ધાત્માનુભૂતિના કાળે શુદ્ધોપયોગરૂપ પરિણમી મોક્ષને કરે છે. આ મોક્ષ પણ વ્યવહાર છે. નિશ્ચયવસ્તુમાં મોક્ષની પર્યાય પણ નથી.

આ રીતે પર્યાયમાં બંધ, મોક્ષ હોવા છતાં શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોતાં આત્મા બંધને કે મોક્ષને કરતો નથી. પર્યાયરૂપી વ્યવહાર-આત્મા જ પર્યાયમાં બંધ અને મોક્ષને કરે છે.

વસ્તુ સદૃશરૂપે રહેનારી છે એટલે કે ચેતન.. ચેતન...ચેતનપણે રહેનારો છે તે નિશ્ચયનયનો વિષય—નિશ્ચયતત્ત્વ છે અને અવસ્થાનું થવું અને અવસ્થાનું જવું તે વ્યવહારનો વિષય—પર્યાયતત્ત્વ છે. આમાં પરની સાથે તો કાંઈ સંબંધ જ નથી. નિશ્ચય ધ્રુવ છે અને પર્યાય વ્યવહાર છે. નિશ્ચયમાં પર્યાય પણ નથી, એકલું ધ્રુવ છે. તેમાં બંધ નથી, મોક્ષમાર્ગ નથી અને મોક્ષ પણ નથી.

મુમુક્ષુ :—બહુ ઝીણી વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—સમજવામાં ઝીણી નથી. સમજવા માગે તેને સમજાય જ જાય એવી વાત છે. પહેલીવાર આ વાત સાંભળે તો ન સમજાય એવું નથી. એકદમ સાદી ભાષામાં વાત ચાલે છે. આત્મા એક શાશ્વત અકૃત્રિમ વસ્તુ છે તેમાં બે પ્રકાર છે એક શાશ્વત સદૃશ રહેનાર ભાગ અને એક વિસદૃશ થનાર પર્યાયતત્ત્વ છે. તેમાં શાશ્વત સદૃશ તત્ત્વ તો સદાય જેમ છે તેમ જ છે પણ વિસદૃશ એવા પર્યાયતત્ત્વમાં શુભ-અશુભભાવ થાય છે અને શુદ્ધાત્માની અનુભૂતિ તથા મોક્ષ પણ તેમાં જ થાય

છે. માટે સદૃશ વસ્તુની અપેક્ષાએ વસ્તુમાં બંધ-મોક્ષ નથી પણ વિસદૃશ પર્યાયની અપેક્ષાએ વસ્તુમાં બંધ-મોક્ષની બધી અવસ્થા થાય છે.

બંધની પર્યાય તો અશુદ્ધ છે માટે અપરમભાવ જ છે પણ મોક્ષમાર્ગ અને મોક્ષની પર્યાય પણ ક્ષણિક હોવાથી અપરમભાવ છે. ક્ષાયિકભાવ અપરમભાવ છે. એક ત્રિકાળી ધ્રુવભાવ તે જ પરમભાવ છે. માટે ધ્રુવ ઉપર દૃષ્ટિ દે તો પર્યાયમાં મુક્તિ થાય એમ કહેવાનો આશય છે. આખો ધ્રુવનો સ્તંભ બિરાજે છે તેના આશ્રય વિના શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા સમ્યક્ થાય તેમ નથી માટે પર્યાયને દ્રવ્યમાં વાળ! કામ તો પર્યાયમાં જ લેવાનું છે પણ તેનું કારણ જે દ્રવ્યસ્વભાવ છે તેના લક્ષ, શ્રદ્ધા અને લીનતા વિના મોક્ષનો માર્ગ ઉત્પન્ન થતો નથી.

અહીં પર્યાયને વિસદૃશ કહી એટલે વિકારી કહેવી નથી પણ ઉત્પાદ ને વ્યય, ઉત્પાદ ને વ્યય થયા કરે છે એ અપેક્ષાએ પર્યાયને વિસદૃશ કહી છે. સદૃશ—એકરૂપ ભગવાન આત્મા ઉપર દૃષ્ટિ સ્થાપતાં વિસદૃશ એવી પર્યાયમાં પણ નિર્મળતા થાય છે. આ તો અંદરના ખેલ કોઈ જુદી જાતના છે ભાઈ! એ તો જાણે તે માણે. વીતરાગનું કહેલું તત્ત્વ કોઈ અલૌકિક છે તેને તેં જાણ્યું નથી ભાઈ! શ્રીમદે કહ્યું ને! પ્રભુ! આપે કહેલાં તત્ત્વને અમે ઓળખ્યું નહિ. ભગવાને કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતાને અમે ઓળખ્યા નહિ.

અનંતગુણનો એક સદૃશ ધ્રુવ પરમપારિણામિકભાવ છે તે પરમભાવમાં બંધ અને મોક્ષ એવું કાંઈ નથી પણ પર્યાયદૃષ્ટિએ જોઈએ તો પર્યાયમાં બંધ અને મોક્ષ છે તે અપરમભાવ છે. એકરૂપ ત્રિકાળ ધ્રુવ તે પરમભાવ છે તે સિવાય કેવળદર્શન, કેવળજ્ઞાન, અનંતવીર્ય આદિ બધી પર્યાય અપરમભાવ છે. એક સમયની દરેક અવસ્થા અપરમભાવ છે. ત્રિકાળભાવ તે પરમભાવ છે. સમજાણું કાંઈ!

પોતાના સ્વભાવને ભૂલેલો આત્મા પોતાની પર્યાયમાં શુભાશુભપણે પરિણમે છે અને જન્મ-મરણને કરે છે. જન્મ-મરણ એટલે શરીરના જન્મ-મરણની વાત નથી પણ પોતાની પર્યાયમાં જન્મ-મરણને કરે છે અને કર્મને બાંધે છે અર્થાત્ કર્મબંધનમાં નિમિત્ત છે તથા જે પર્યાયમાં પોતાના સ્વભાવનું ભાન થાય છે, શુદ્ધાત્માની અનુભૂતિ થાય છે તે પર્યાય મોક્ષને કરે છે એટલે કે શુદ્ધોપયોગરૂપે પરિણમીને મોક્ષને કરે છે.

એકરૂપ પરમ સ્વભાવભાવની દૃષ્ટિએ જોઈએ તો એ ભાવ તો બંધને પણ કરતો નથી અને મોક્ષને પણ કરતો નથી. આ પરમભાવ ઉપર દૃષ્ટિ કર! એમ કહેવું છે. દૃષ્ટિ પોતે ઉત્પાદ-વ્યયવાળી છે પણ તેનો વિષય ધ્રુવ છે.

આટલી વાત કાલે આવી ગઈ હતી પણ હવે પ્રશ્ન આવે છે એટલે તેનું અનુસંધાન ફરી લીધું. શિષ્યને આટલી વાત સાંભળીને પ્રશ્ન ઉઠયો તે પૂછે છે હે પ્રભો! શુદ્ધ દ્રવ્યાર્થિકસ્વરૂપ શુદ્ધનિશ્ચયનયથી આત્મા મોક્ષનો પણ કર્તા નથી તો એમ સમજવું જોઈએ કે શુદ્ધનયથી મોક્ષ જ નથી અને જો મોક્ષ જ નથી તો મોક્ષ માટે પ્રયત્ન કરવો તે પણ વ્યર્થ છે?

શિષ્યના પ્રશ્નનો યોગીન્દ્રદેવ ઉત્તર આપે છે કે, મોક્ષ છે તે બંધપૂર્વક હોય છે. મોક્ષની પર્યાય બંધનો વ્યય થાય ત્યારે થાય છે. પણ વસ્તુસ્વરૂપે જોઈએ તો બંધ થતો જ નથી તેથી બંધના અભાવરૂપ મોક્ષ પણ વસ્તુસ્વરૂપમાં નથી. શુદ્ધનિશ્ચયનયથી એટલે ત્રિકાળ સતરૂપ રહેનારા નયથી જોઈએ તો, બંધ જીવને નથી અને બંધના અભાવરૂપ મોક્ષ પણ શુદ્ધનિશ્ચયથી નથી. જો શુદ્ધનિશ્ચયનયથી જીવને બંધ હોય તો બંધ જ કાયમ રહે. બંધનો અભાવ જ ન થાય. ધ્રુવ ચીજમાં બંધ હોય તો બંધ પણ ધ્રુવ જ રહે પણ ધ્રુવમાં બંધ છે જ નહિ. પર્યાયમાં બંધ છે અને તેના અભાવપૂર્વક મોક્ષ પણ પર્યાયમાં થાય છે.

આ વાત સમજાવવા આચાર્યદેવ એક દૃષ્ટાંત કહે છે. કોઈ એક પુરુષ સાંકળથી બાંધેલો છે અને એક પુરુષ બંધનરહિત છે અથવા તો એમ સમજો કે એક માણસ જેલમાં ગયો છે અને બીજો ઘરમાં જ છે તો જ્યારે પહેલો માણસ જેલમાંથી છૂટીને ઘરે આવે ત્યારે તેને તો એમ કહેવાય તમે મુક્ત થઈ ગયા? પણ જે જેલમાં ગયો જ નથી તેને મુક્ત થયા એમ કહેશું તો? તેને ક્રોધ આવશે કે હું ક્યાં જેલમાં ગયો હતો કે, મને મુક્ત થવાનું પૂછો છો. જે જેલમાં ગયો હોય તે છૂટે. તેમ જે જીવને બંધ થયો છે તેને જ મુક્તિ થાય છે. વ્યવહારનયથી જીવને બંધ થયો છે અને મુક્તિ થઈ શકે છે અને તેનો ઉપાય પણ છે. પણ શુદ્ધનિશ્ચયનયથી જીવને બંધ નથી તેમ મુક્તિ પણ નથી.

અશુદ્ધનયથી બંધ છે તેથી બંધના નાશનો ઉપાય પણ જરૂર કરવો જોઈએ. તે માટે ઉપાય શું કરવો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવા તે ઉપાય છે.

સમ્યગ્દર્શન કેવી રીતે થાય?—કે પોતાની દૃષ્ટિને નિમિત્ત, રાગ કે પર્યાય ઉપરથી ઉઠાવી ત્રિકાળીસ્વભાવ ઉપર દૃષ્ટિ દેતાં સમ્યગ્દર્શન થાય છે. દૃષ્ટિને પરનિમિત્ત ઉપર રાખતાં સમ્યક્ત્વ થતું નથી. દયા, દાન, ભક્તિ, પૂજાદિ રાગ ઉપર દૃષ્ટિ હોવાથી પણ સમ્યક્ત્વ થતું નથી અને વર્તમાન દશામાં દર્શન, જ્ઞાન, વીર્યનો ઉઘાડ છે તેમાં દૃષ્ટિ આપવાથી પણ સમ્યગ્દર્શન ત્રણકાળમાં થતું નથી. સ્વભાવની દૃષ્ટિથી જ

સમ્યક્ત્વ થાય છે. વસ્તુસ્થિતિ આમ છે તેમાં અઘરું કાંઈ નથી પણ લોકોએ બીજી રીતે કલ્પી લીધું હોય એટલે એને અઘરું લાગે. વસ્તુસ્થિતિ જ એમ છે તેમાં અઘરું અને સહેલું એવું કાંઈ નથી.

જીવની વર્તમાન પર્યાય રાગમાં અટકેલી છે તે ભાવબંધ છે અને બંધનો અભાવ કરીને મુક્તિ પણ પર્યાયમાં થાય છે. માટે વ્યવહારનયથી જીવમાં બંધ અને મોક્ષ છે. પણ શુદ્ધનિશ્ચયનયથી ન બંધ છે કે ન મોક્ષ છે. નિશ્ચય તો સત્ અને શુદ્ધ ત્રિકાળ છે. અશુદ્ધનય અર્થાત્ વ્યવહારનયથી બંધ છે તે ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે અને બંધના નાશના પ્રયત્નરૂપ મોક્ષમાર્ગ અને તેના ફળરૂપ મોક્ષ એ અનુપચાર સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે. વ્યવહાર એટલે રાગરૂપ વ્યવહારની વાત નથી. મોક્ષમાર્ગની નિર્મળ પર્યાય પણ વ્યવહાર છે અને મોક્ષપર્યાય પણ વ્યવહાર છે માટે વ્યવહારનું કારણ વ્યવહાર કહ્યું છે પણ દયા-દાનના વિકલ્પરૂપ વ્યવહાર એ મોક્ષનું કારણ નથી એ તો બંધમાર્ગમાં જાય છે. તે મોક્ષનું કારણ ન હોઈ શકે.

સ્વભાવને અવલંબીને શુદ્ધોપયોગ થાય છે તે પણ નવો થાય છે માટે વ્યવહાર છે અને તેના ફળરૂપ પૂર્ણ શુદ્ધતા પણ પર્યાયમાં નવી થાય છે માટે વ્યવહાર છે તે ધ્રુવ નથી માટે નિશ્ચય નહિ કહેતાં તેને સદ્‌ભૂત વ્યવહારનો વિષય કહ્યો છે. અથવા પર્યાય પોતે જ અંશ હોવાથી વ્યવહાર છે તેના આશ્રયભૂત દ્રવ્ય ત્રિકાળ છે માટે તે નિશ્ચય છે.

અહીં વ્યવહારની વ્યાખ્યા એ છે કે ધ્રુવમાં ઉત્પાદ-વ્યયનું થવું તે વ્યવહાર છે. પર્યાયમાત્ર વ્યવહાર છે તે ભલે શુભ-અશુભ પર્યાય હો કે શુદ્ધઉપયોગ હો કે મોક્ષની પર્યાય હો તે બધી પર્યાયને અહીં વ્યવહાર કહી છે. આ અધ્યાત્મનો વ્યવહાર છે. પહેલાંના બનારસીદાસજી જેવા પંડિતોએ પણ આ વ્યવહાર કહ્યો છે. ધ્રુવ વસ્તુ તો નિષ્ક્રિય છે તે નિશ્ચય છે. તેના અવલંબને થતી મોક્ષમાર્ગ અને મોક્ષની પર્યાય વ્યવહાર છે, સક્રિય છે. ધ્રુવ દ્રવ્યસ્વભાવમાં પરિણમન નથી માટે તે નિષ્ક્રિય છે પણ પર્યાયમાં વિકલ્પ ઉઠે છે તે બંધરૂપ સક્રિય અવસ્થા છે, મોક્ષમાર્ગ પ્રગટ થાય તે મોક્ષરૂપ સક્રિય અવસ્થા છે.

અહો ! વીતરાગે કહેલું તત્ત્વ અલૌકિક છે. અહો ! વીતરાગે અનુભવેલો પૂર્ણ વીતરાગમાર્ગ !! શ્રીમદ્‌જીએ એક જગ્યાએ કહ્યું છે ને ! "અહો, આ દેહની રચના ! અહો આ ચૈતન્યનું સામર્થ્ય ! અહો આ જ્ઞાની ! અહો જ્ઞાનીની ગવેષણા ! અહો, જ્ઞાનીનું ધ્યાન ! અહો જ્ઞાનીની સમાધિ ! અહો એનો વચનયોગ !" અદ્‌ભુત

વાત કરી છે અંતરની વાસ્તવિક વીતરાગતાના ભાસમાં આવું સ્વરૂપ જોઈને 'અહો !!' થઈ જાય છે. 'શ્રીમદ્ રાજચંદ્ર'માં ઘણું ભર્યું છે પણ અર્થ સમજે તો હિત થાય. પોતાનો પક્ષ રાખીને વાંચે તો શું કામનું ?

તારી પાસે પુસ્તક હોય તેથી શું ! તારી પાસે આત્મા છે એની વાત કરે ને! અરે, સૌ પાસે ભગવાન આત્મા છે. તે ત્રિકાળ સત્ છે. વસ્તુમાં એકાંતે નિષ્ક્રિયપણું કેમ હોય ! અહીં તો નિશ્ચયમોક્ષમાર્ગના પરિણામને પણ સક્રિય હોવાથી વ્યવહાર કહ્યો છે. સક્રિયપણું નથી એમ નથી. વેદાંતને આ વાત ન બેસે. એણે પર્યાયને ઉડાડી છે. વેદાંતના કરનારે વસ્તુને જોઈ જ નથી.

ભગવાન આત્મા—શુદ્ધ ચૈતન્યદ્રવ્ય નિષ્ક્રિય છે. નિષ્ક્રિય એટલે પરની ક્રિયાને તો ન કરે, રાગ પણ ન કરે અને મોક્ષની પર્યાયને પણ તે ન કરે એવો નિષ્ક્રિય છે. નિષ્ક્રિયતત્ત્વ સક્રિયતત્ત્વને કેમ કરે! નિષ્ક્રિયતત્ત્વ કાંઈ ન કરે માટે શુદ્ધનિશ્ચયનયથી વસ્તુમાં બંધ અને મોક્ષ નથી. અશુદ્ધનિશ્ચયનયથી બંધ છે અને મુક્તિ છે. અશુદ્ધનિશ્ચય કહો કે વ્યવહાર કહો એક જ છે. મુક્તિની પર્યાય શુદ્ધ હોવા છતાં વસ્તુનો અંશ છે–ખંડ છે માટે વ્યવહારમાં જાય છે.

વ્યવહારથી બંધ હોવાથી બંધના નાશનો યત્ન પણ જરૂરી છે, એ યત્ન–પ્રયત્ન શું કરવો ?—કે ધ્રુવનું લક્ષ કરવું તે યત્ન છે તે પર્યાય છે માટે વ્યવહાર છે અને તે વ્યવહારના ફળરૂપ મોક્ષ પણ પર્યાય છે માટે વ્યવહાર છે.

અહીં આ ગાથામાં એ અભિપ્રાય છે કે સિદ્ધ સમાન આ પોતાનો શુદ્ધાત્મા વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં લીન પુરુષોને ઉપાદેય છે બાકી બધું હેય છે. સિદ્ધસમાન પોતાનું ધ્રુવ દ્રવ્ય શાશ્વત શુદ્ધ છે તેની અરાગી દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિના કાળે તે શુદ્ધાત્મા જ ઉપાદેય છે. વીતરાગી શાંતિની પર્યાયનું લક્ષ ધ્રુવ ઉપાદાનભૂત આત્મા ઉપર છે માટે તે જ ઉપાદેય છે.

'સમજાણું કાંઈ ?' એ વિસામાનું વાકય છે અને જેટલું સમજાય છે તે વિસામાનો માર્ગ છે. સમજાણું કાંઈ!

ધ્રુવ શુદ્ધ નિજ વસ્તુ ઉપર દૃષ્ટિ આપીને સ્થિર થવાવાળી દશાને નિર્વિકલ્પ શાંતિ કહે છે તેમાં પોતાનું દ્રવ્ય જ ઉપાદેય છે અન્ય સર્વ હેય છે. ક્ષાયિક સમકિતની પર્યાય પ્રગટી છે તે પણ દ્રવ્યની એકાગ્રતા કાળે હેય છે. કેમકે દ્રવ્યના લક્ષે જ ચારિત્રની પર્યાય પ્રગટ થાય છે. સમકિતના લક્ષે ચારિત્ર થતું નથી.

એ અપેક્ષાએ જ નિશ્ચયમોક્ષમાર્ગ અને મોક્ષ પણ હેય છે. એક પરમાત્મદ્રવ્યવસ્તુ જ ઉપાદેય છે બાકી બધું જાણવા લાયક છે. એમ આ પરમાત્મપ્રકાશ કહે છે.

અરે! જેને આ નિજઘરની પૂર્ણતાની વાત પણ સાંભળવા ન મળે તે ક્યારે પ્રયત્ન કરે અને ઠરે! જિંદગી આમ ને આમ વ્યર્થ ચાલી જાય, એમાં જો વાદવિવાદ કરે તો ઝઘડા થાય અને વસ્તુ તો એક તરફ રહી જાય.

અને પહેલાં વિશ્વાસમાં તો આવવું જોઈએ કે શાશ્વત ગુણધામ નિજવસ્તુ એક જ ઉપાદેય છે. તેમાં જ લક્ષનો દોર બાંધવા જેવો છે. જેને નિર્મળ પર્યાય પ્રગટી હોય તેને પણ પર્યાય ઉપર લક્ષ કરવાયોગ્ય નથી એ અપેક્ષાએ પર્યાય હેય છે. જેને ત્રણકષાયનો અભાવ થયો છે એવા મુનિઓને પણ કષાયના અભાવરૂપ ચારિત્રદશા આશ્રય કરવા માટે ઉપાદેય નથી. તેથી જ મુનિઓએ તો ત્રિકાળ પરમેશ્વર દ્રવ્ય ઉપર મીટ માંડી છે. એ એક જ તેને આદરણીય છે, બાકી કાંઈ આદરણીય નથી.

જ્યાં શુદ્ધપર્યાય આદરણીય નથી ત્યાં લીલોતરી ન ખાધી કે કેરી ન ખાધી–ત્યાગ કર્યો એની ઉપાદેયતા ક્યાં રહી! તેનાથી પણ લાભ થાય અને આત્માથી પણ લાભ થાય એવો સ્યાદ્‌વાદ નથી. ભગવાન! તું ક્યાં પૂરો નથી કે તારે પરનો આશ્રય લેવો પડે?

ધીંગધણી માથે કિયો રે, કુણ ગંજે નર ખેટ...એમ આનંદઘનજીમાં આવે છે તે ધીંગધણી પોતાનો આત્મા છે. તેનું લક્ષ કર ત્યારે નિર્મળ પર્યાય પ્રગટશે પણ તે પર્યાય હેય છે. આદરવાલાયક તો એક ચિદાનંદપ્રભુ જ છે. શરૂઆતથી માંડીને કેવળજ્ઞાન થાય ત્યાં સુધી એક ચિદાનંદ ઉપર મીટ માંડવાની છે કેમ કે તે એક જ શાશ્વત શુદ્ધ ધ્રુવ વસ્તુ છે.

આવો આત્મા મારા લક્ષમાં ન હતો તે મને ગુરુએ આપ્યો એટલે કે ગુરુએ સમજાવ્યો તે પોતે સમજ્યો ત્યારે ગુરુએ આત્મા આપ્યો એમ કહે છે. પ્રભુ! આપે કહ્યો તેવો આત્મા મારા લક્ષમાં જ ન હતો.

અહીં ગુરુ કહે છે કે, દ્રવ્યાર્થિકનયના વિષયભૂત ચેતન મહાપ્રભુનું એકનું જ લક્ષ કર! તેનો જ આશ્રય લે! તે એક જ ઉપાદેય છે. તેના આશ્રયથી જ મોક્ષ થાય છે માટે તે જ આદરણીય છે. [ ક્રમશઃ ]

# હે ભાઈ! મરીને પણ તત્ત્વનો કૌતુહલી થા

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં.-૨૬ )

શ્રી નાટક સમયસાર શાસ્ત્રના જીવદ્વારનો આ ૨૪મો કળશ છે. શ્રી અમૃતચંદ્ર આચાર્યના ૨૩માં શ્લોક ઉપર બનારસીદાસજીએ આ પ્રમાણે પદ્યની રચના કરી છે.

बनारसी कहै भैया भव्य सुनौ मेरी सीख,
केहूं भांति कैसेहूंकै एसौ काजु कीजिए ।
एकहू मुहूरत मिथ्यातकौ विधुंस होइ,
ग्यानकौं जगाइ अंस हंस खोजि लीजिए ।
वाहीकौ विचार वाकौ ध्यान यहै कौतूहल,
यौंही भरि जनम परम रस पीजिए ।
तजि भववासकौ विलास सविकाररूप,
अंतकरि मोहकौ अनंतकाल जीजिए ॥ २४ ॥

આચાર્યદેવ કહે છે અને બનારસીદાસજી પણ કહે છે—હે ભવ્ય! મારો ઉપદેશ—શિખામણ એકવાર સાંભળો કે કોઈ પણ ઉપાયથી અને કોઈ પણ પ્રકારે એવું કામ કર જેથી માત્ર અંતર્મુહૂર્તને માટે મિથ્યાત્વનો ઉદય ન રહે, જ્ઞાનનો અંશ જાગૃત થાય અને આત્મસ્વરૂપની ઓળખાણ થાય. જિંદગીભર તેનો જ વિચાર, તેનું જ ધ્યાન, તેની જ લીલામાં પરમરસનું પાન કરો અને રાગ-દ્વેષમય સંસારનું પરિભ્રમણ છોડીને તથા મોહનો નાશ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કરો.

આ માખણની વાત છે હો! મનુષ્યદેહમાં એક આ જ કાર્ય કરવાનું છે. માટે બધો કોલાહલ છોડીને એક આ કર! એક અંતર્મુહૂર્ત મિથ્યાત્વનો નાશ કર અને ભગવાન—જ્ઞાનસ્વભાવને ખોજીને તેને પ્રગટ કર! આત્માના અંતરસ્વરૂપનો અનુભવ કરતાં મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. માટે જ્ઞાનપુંજ ભગવાન આત્માને જગાડી દે. અહો જ્ઞાનસ્વરૂપ! જ્ઞાનસ્વરૂપ!

ભજનમંડળીવાળા ગાયા છે ને! સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યાં રે,......... સાચાં વારી એને ના મળે રે.... ..મનના મૃગલાને પાછાં વાળજે રે લોલ...

મનરૂપી મૃગલો પુણ્ય-પાપના વિકલ્પમાં જાય છે ત્યાં હેરાન થાય છે—દુઃખી થાય છે. તેમાંથી છોડાવીને તેને અંતરમુખ કરજો. 'જોડી દ્યો આતમસરોવરે આજ, એને મળશે આતમસુખ અમૂલાં રે લોલ...'

અહીં કહે છે, ज्ञानको जगाय अंस हंस खोजि लीजिए શબ્દો ટૂંકા છે પણ ભાવ મોટો પુરુષાર્થ માંગે એવા છે. ભગવાન આત્મા જ્ઞાનસરોવર તો શું પણ મોટો જ્ઞાનનો દરિયો છે. અનંત અનંત જ્ઞાનસ્વભાવનો સાગર છે. તેમાં પુણ્ય-પાપના વિકલ્પોની ગંધ પણ નથી તો શરીર, વાણી, મન આદિ જડ પદાર્થ તો એમાં કયાંથી હોય! શરીરાદિનો સંયોગ તો એને કારણે આવ્યો છે, એને કારણે ટકે છે અને એના કારણે છૂટો પડી જશે. તેમાં ચૈતન્યહંસ નથી અને ચૈતન્યહંસલામાં એ શરીરાદિ નથી. રાગ પણ તેમાં નથી. માટે શરીર અને રાગથી રહિત જ્ઞાનહંસને ખોજીને તેને જગાડ! રાગ અને ક્રિયાના વિકલ્પથી ભિન્ન જ્ઞાનસ્વભાવને વર્તમાનપર્યાયમાં પકડી સમ્યગ્જ્ઞાનનો અંશ પ્રગટ કર!

શ્રોતા :—સાહેબ!...પણ અમારે ધંધા કરવા કે આ કરવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ! ધંધા કરવા એ તારું કાર્ય જ નથી. જીવ ધંધો કરી જ ન શકે. માત્ર સંકલ્પ-વિકલ્પ કરીને દુઃખી થવાનું છે અને તેના ફળમાં ચારગતિમાં ભ્રમણ કરવું પડશે એ જુદું. તેના કરતાં એકવાર તો જો કે અંતરમાં મારી ચીજ શું છે! કેવી છે! કેમ પ્રાપ્ત થાય! આત્માને ખોજી તેનો અંશ પ્રગટ કર! અંદર તો મોટો જ્ઞાનનો સમુદ્ર છે તેમાંથી અંશ તો પહેલાં પ્રગટ કર!

આ ભાષાની વાત નથી હો! ભાવની વાત છે. ભાઈ! આત્માને જગાડ! આત્માને ગોત! એમાં શાંતિ અને આનંદ છે. તારો મનનો મૃગલો પુણ્ય ને પાપમાં ભટકયા કરે છે તેમાંથી પાછો વાળીને એકવાર જ્ઞાનસ્વભાવમાં લઈ જા ને! તારે આ એક જ કરવા જેવું છે બાકી તો બધું થોથે થોથાં છે. દુઃખી થવાના રસ્તા છે.

ભગવાન! તારામાં તો આનંદ છે એ આનંદ જ્ઞાનથી અવિનાભાવી છે. જ્યાં જ્ઞાનસ્વભાવ છે ત્યાં જ આનંદ છે તેને અંતરમાં શોધીને ચૈતન્યહંસને જગાડ તો તને સમ્યગ્દર્શનરૂપ ધર્મ પ્રગટ થાય.

वाहीको विचार वाको ध्यान यहै कौतूहल! જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યના તેજનો ભંડાર છે તેનો જ વિચાર કર. તેને જ જ્ઞાનમાં ધ્યેય બનાવીને તેનું ધ્યાન કર! બહારની ચીજોનું ધ્યાન છોડી દે. સ્ત્રી, પુત્ર, પરિવારમાં તું કયાં છો! તારો તેમાં વિરહ છે. તેમાં તારું જીવત્વ કયાંય નથી. માટે તેનું ધ્યાન છોડી દે. ઘણાં પ્રશ્ન કરે

કે, પ્રથમ શું કરવું ? તેનો આ જવાબ છે કે, પ્રથમ જ આત્માને ધ્યેય બનાવીને તેનું ધ્યાન કરવું. શ્રદ્ધા, જ્ઞાનમાં અંતરમુખ લક્ષ થતાં જ ધર્મની પ્રાપ્તિ થાય છે. એ સિવાય ધર્મ કોઈ રીતે થતો નથી.

અહો ! કેટલી ધીરજ ! કેટલી ઓજ ! કેટલો પરથી પાછો વળવાનો પુરુષાર્થ ! કેટલો અંતરમુખ થવાનો પ્રયત્ન ! એ વિના જન્મ-મરણના દુઃખ મટે તેમ નથી— આત્મા પ્રાપ્ત થાય તેમ નથી. આ રૂપાળા શરીર, જુવાની અને પાંચ-પચીસ લાખ રૂપિયા દેખાય છે તેમાં કયાંય સુખ નથી. એ તો બધી સ્મશાનની રાખ છે. જે પોતાનું નથી તેને પોતાનું માન્યું અને સ્વરૂપને ભૂલી ગયો તેથી જ દુઃખી થયો છે. તારું હોવાપણું તો પ્રભુ ! તારા સ્વભાવમાં છે, તેમાંથી તારો અતીન્દ્રિય આનંદ ખોળી લે.

વિકલ્પ છે તે વિકાર છે અને જ્ઞાનસ્વભાવ અવિકાર છે તે બે ને જુદાં પાડી દે. જેમ હંસની ચાંચ દૂધ ને પાણીને જુદાં પાડી દે છે તેમ તારા જ્ઞાન વડે રાગ અને ચૈતન્યહંસને જુદાં પાડી દે. એ જ તારે કરવા જેવું એક કાર્ય છે, એ જ હિતરૂપ કાર્ય છે. બાકી બધાં એકડાં વિનાના મીંડા છે.

મોટા પાંચ હાથના ચાર-ચાર દીકરા પાકયાં હોય, મોટી કમાણી કરીને લાવતાં હોય, ફેકટરીઓ નાંખી હોય...ઉદ્યોગપતિ કહેવાતો હોય એટલે એને એમ થાય કે, અમે કાંઈક સુખી છીએ ભાઈ ! એ તો પાપના ઉદ્યોગપતિ છે એણે પોતાના આત્માને ખોયો છે.

હવે આત્માનું કુતૂહલ તો કર કે આ જ્ઞાન ને આનંદમય આત્મા કોણ છે ! ઓઝલ ( પડદા ) પાછળ રહેલી રાણીને જોવાનું કુતૂહલ કરે છો તો આ પુણ્ય-પાપના પડદા પાછળ રહેલા આત્માને જોવાનું કુતૂહલ તો કર ! તેને જો ! તેનો વિચાર કર ! તેમાં જ્ઞાન અને આનંદ છે. તેનાં જ્ઞાનાનંદમય રસને પી ! પાગલપણું છોડી દે !...પણ એને અંદરમાં સૂઝ પડતી નથી...બહારની ધમાધમમાં હેરાન થઈને, મરીને કયાંય ચાલ્યા જાય છે અને મરણ કયારે આવવાનું છે તે તો ખબર નથી. જયોતિષીએ ૮૪ વર્ષનું આયુષ્ય કીધું હોય અને ૪૮ વર્ષે ચાલ્યો જાય. માટે કયાંય રોકાયા વિના આત્માનું હિત પ્રથમ કરી લેવાની જરૂર છે. રુચિની દિશા પલટે તો આત્માની દશા પલટી જાય.

એકવાર જ્ઞાનાનંદના પરમરસને પીઈ લે ! જેનો કદી સ્વાદ ચાખ્યો નથી એવા અતીન્દ્રિયરસનું પાન કર ! **तजि भववासकौ विलास सविकाररूप** ભવના વાસનો વિલાસ તો વિકારરૂપ છે. તે રાગ-દ્વેષમય વિકારથી સંસારનું પરિભ્રમણ થાય છે માટે

હવે તેને છોડ અને अंतकरि मोहकौ अनन्तकाल जीजिए ।—મોહનો નાશ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કરો. અનંતકાળ સુખને પ્રાપ્ત કરો. અમર થઈ જાઓ.

આ ૨૩મો કળશ અને તેનું ૨૪મું પદ્ય કહ્યું હવે ૨૪મા કળશનું ૨૫મું પદ્ય કહે છે. શિષ્ય કહે છે, શાસ્ત્રમાં તો શરીરની સ્તુતિ વડે ભગવાનની સ્તુતિ કરી છે તો શરીર અને આત્મા એક છે?

जाके देह–द्युतिसौं दसौं दिसा पवित्र भई
जाके तेज आगै सब तेजवन्त रुके हैं ।
जाकौ रूप निरखि थकित महा रूपवन्त,
जाकी वपु–वाससौं सुवास और लुके हैं ॥
जाकी दिव्यधुनि सुनि श्रवणकौं सुख होत,
जाके तन लच्छन अनेक आइ ढुके हैं ।
तेई जिनराज जाके कहे विवहार गुन,
निहचै निरखि सुद्ध चेतनसौं चुके हैं ॥ २५ ॥

जाके देह–द्युतिसौं...જેમ કેસર જેવી મૂલ્યવાન ચીજ તેને યોગ્ય ડબીમાં રહે છે, કોથળામાં ભરાતી નથી તેમ અનંત ગુણની પૂર્ણ પરિણતિને પામેલા, એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણનારા ભગવાન જેમાં રહે તે શરીર પણ કેવું હોય કે, જેના તેજથી દશેદિશાઓ પવિત્ર અને પ્રકાશિત થઈ જાય છે. જેના તેજ પાસે સૂર્ય, ચન્દ્ર આદિના તેજ પણ લજ્જિત થાય છે. અહો! પરમાત્માના આત્માની મહિમા તો શું કહેવી પણ પણ શરીર પણ આવું સુંદર અને તેજમય હોય છે.

जाकौ रूप निरखि थकित महा रूपवन्त....ભગવાનના અંગ અંગમાં એટલી નમણાઈ, એવી કાંતિ, તેજ અને સુડોલતા હોય છે કે જગતના મહારૂપવાન લોકો પણ ચકિત થઈ જાય છે. ઇન્દ્ર, કામદેવ આદિ રૂપવાન પુરુષો પણ હાર માને છે. આટલું તો ભગવાનના શરીરનું પુણ્ય હોય છે. તેમાં ક્ષુધા–તૃષા લાગે કે રોગ આવે એવા અઢારેય દોષ ન હોય. જે એમ માને છે કે, ભગવાનને રોગ થાય ને ભગવાન દવા લે, ખોરાક ખાય એમ માને છે તે ભગવાનના પુણ્યને પણ ઓળખતો નથી.

ભગવાનના ચૈતન્યમાં કેવળજ્ઞાનનું રૂપ પ્રગટ્યું ત્યાં શરીરરૂપી ડબલાનું રૂપ

પણ પરમ ઔદારિક, પરમ પવિત્ર અને સુંદરતાને ધારણ કરે છે. जाकी वपु–वाससौं सुवास और लुके हैं। જેમના શરીરની સુગંધ પાસે મંદાર, સુપારિજાત આદિ ફૂલોની સુગંધ છૂપાઈ જાય છે એવી તો સુગંધ હોય છે.

जाकी दिव्यध्वनि सुनि श्रवणकौं सुख होत, સર્વજ્ઞભગવાનને આપણે બોલીએ એવી વાણી ન હોય. ભગવાનને તો ૐ ધ્વનિ છૂટે; એ એવી મીઠી, મધુરી હોય કે એવી વાણી જગતમાં બીજા કોઈની ન હોય. સર્વજ્ઞ પરમેશ્વર થાય તેને જ આવી ધ્વનિ હોય. ભગવાનના શરીરમાં કમલ, છત્ર, ધ્વજા આદિ ૧૦૦૮ તો લક્ષણ હોય છે... આ બધાં ભગવાનના શરીરના ગુણો વ્યવહારનયથી કહ્યાં છે. નિશ્ચયનયથી જુએ તો શુદ્ધ આત્માના ગુણોથી આ દેહાશ્રિત ગુણો તદ્દન ભિન્ન છે.

તીર્થંકર સર્વજ્ઞ વીતરાગ પરમાત્માનું સ્વરૂપ એવું છે કે સાધારણ માણસ પણ જાણી શકે. જે ખાતા હોય, પીતા હોય, રોગ થતાં હોય એવા ભગવાન હોઈ ન શકે. ભગવાનના વ્યવહારગુણોને પણ જે ઓળખતો નથી તે સર્વજ્ઞના નિશ્ચયગુણને તો ઓળખતો જ નથી.

આ ૨૫મું પદ્ય થયું. હવે ૨૬મા પદ્યમાં બનારસીદાસજી શું કહે છે તે જોઈએ.

जामैं बालपनौ तरुनापौ वृद्धपनौं नाहिं,
आयु–परजंत महारूप महाबल है।
बिना ही जतन जाके तनमैं अनेक गुन,
अतिसै विराजमान काया निर्मल है॥
जैसैं बिनु पवन समुद्र अविचलरूप,
तैसैं जाकौ मन अरु आसन अचल है।
ऐसो जिनराज जयवन्त होउ जगतमैं,
जाकौ सुभगति महा सुकृतकौ फल है॥ २६॥

સર્વજ્ઞ પરમેશ્વર કેવા છે?—જેને ત્રિકાળનું જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો છે એવા સર્વજ્ઞભગવાનનું શરીર કેવું હોય છે તે કહે છે. સર્વજ્ઞભગવાનને બાળકની જેમ અજ્ઞાનપણું, યુવાનની જેમ મદાન્ધપણું અને વૃદ્ધની જેમ દેહનું જીર્ણપણું હોતું નથી. શરીરનું એક સરખું રૂપ અને અતુલ બળ જીવન પર્યંત રહે છે. આદિનાથ ભગવાનનું ચોરાશી લાખપૂર્વનું આયુષ્ય હતું. ઘણો ઘણો લાંબો કાળ હતો છતાં શરીરની સ્થિતિમાં બાળપણ કે વૃદ્ધાવસ્થા ન દેખાય. શરીરની સ્થિતિ એકસરખી રહે.

આવું સાંભળીને શિષ્ય એમ કહે છે કે જુઓ! તમે શરીરની મહિમા બતાવીને જ ભગવાનની મહિમા કરો છો ને! ના, ભાઈ! આ શરીરની જ મહિમા છે. ભગવાનના આત્માની પવિત્રતાની વાત તો કોઈ ન્યારી છે. આ તો ભગવાનના સંયોગમાં રહેલું શરીર પણ કેવું હોય તેની મહિમા બતાવી છે કે આયુ પર્યંત મહારૂપ અને મહા બલવંત શરીર હોય છે.

विना ही जतन जाके तनमें अनेक गुन । જેમનાં શરીરમાં સ્વતઃસ્વભાવથી જ અનેક ગુણો અને અતિશયો બિરાજે છે જાણે કોઈ કારીગરે શરીરની શોભા બનાવી હોય એવી કુદરતી રચના છે. લાવણ્યમય અને સર્વાંગસુંદર શરીર જ એવું હોય છે કે કપડાં અને દાગીના વગર પણ શોભી ઊઠે છે. ચોત્રીશ પ્રકારના તો શરીરમાં અતિશય હોય છે. આ બધું શિષ્ય જાણે છે એટલે જ પૂછે કે શરીરની મહિમાથી આત્માની મહિમા છે! ના ભાઈ! ડબી ઊંચી હોય એટલે અંદરનું કેસર ઊંચું હોય એવું નથી તેમ શરીરની સુંદરતાથી ભગવાનના આત્માની મહિમા નથી. આ તો માત્ર શરીરની સ્થિતિ કેવી હોય છે તે બતાવાય છે.

જેમ પવનની લહેર વિના સમુદ્રનું પાણી સ્થિર હોય છે તેમ મન અને આસનની ચંચળતા વિનાનું ભગવાનનું શરીર સ્થિર, શાંત અને ગંભીર......ગંભીર હોય છે. સામાન્ય બાળક પણ ગંભીર હોય તો કેવું શોભે છે તો આ તો ભગવાન છે તેની ગંભીરતાની શોભા કેવી હોય! જે માણસને બહુ કષાય હોય તેનું શરીર પણ કમ્પ્યા કરતું હોય છે, એ સ્થિર ન બેસી શકે, એ કષાયનું લક્ષણ છે. તેનાથી વિરૂદ્ધ વીતરાગતામાં શરીર પણ શાંત અને અચલ દેખાય છે. જાણે જગતને પીને બેઠા છે. કાંઈ જોવાનું કુતૂહલ રહ્યું નથી એવી શરીરની સ્થિતિ દેખાય છે.

एसौ जिनराज जयवन्त होउ जगतमै....આવા વીતરાગ જિનભગવંત જગતમાં જયવંત હો. આવા પ્રભુની ભક્તિ પણ કોઈ મહાપુણ્યનો ઉદય હોય ત્યારે પ્રાપ્ત થાય છે.

હવે ૨૭મા પદ્યમાં શિષ્યને ઉત્તર આપતાં કહે છે—

जिनपद नाहिं शरीरकौ जिनपद चेतनमांहि ।
जिनवर्तन कछु और है, यह जिनवर्नन नांहि ॥ २७ ॥

ભગવાનના શરીરનું રૂપ, અતિશય આદિ ઉપર કહ્યાં તેવા જ હોય પણ તે કાંઈ ભગવાનના આત્માનું સ્વરૂપ નથી. जिनपद चेतनमांहि—ચૈતન્યમાં અખંડ આનંદ

અને જ્ઞાનનો દરિયો ઊછળે છે તે કાંઈ શરીરની લાવણ્યતામાં કે એક હજારને આઠ લક્ષણમાં કે શરીરના તેજમાં નથી. માટે જિનના શરીરના વર્ણનમાં જિનભગવાનના આત્માનું વર્ણન આવતું નથી. પુણ્ય-પાપરહિત વીતરાગભાવ પ્રગટ થયો છે તે આત્મા છે. છતાં એટલું સમજી લેવું કે કેવળીને ગમે તેવું શરીર ન હોય. શરીર તો આગળ કહ્યું તેવું સુંદર અને પરમ ઔદારિક જ હોય, ભગવાનને રોગ ન હોય. જેને અતીન્દ્રિય આનંદનો પૂર્ણ અનુભવ થઈ ગયો તેને ક્ષુધા, તૃષા કે રોગાદિ હોઈ ન શકે.

जिनवर्नन कछु और है, यह जिनवर्नन नांहि । શરીરના વર્ણનથી જિનનું વર્ણન કોઈ જુદું છે. પુણ્ય-પાપના વિકલ્પ વિનાનાં વીતરાગી આત્માનું આવું વર્ણન ન હોય. શરીરમાં સુગંધી આદિ તો મુનિને પણ હોય છે. આગળ કહ્યું છે—મુનિરાજ જીવનભર સ્નાન કરતાં નથી, દાંતણ કરતાં નથી તોપણ વચન અને શ્વાસમાં સુગંધ જ નીકળે છે જુઓ ! હજુ પૂર્ણ વીતરાગતા થઈ નથી છતાં શરીરમાં આટલી સુગંધી છે તો પૂર્ણ વીતરાગના શરીરમાં શું ન હોય ! મુનિને અંદરમાં એટલી વીતરાગતા અને આનંદ પ્રગટ્યો હોય છે અને બહારમાં શરીરમાં પણ પવિત્રતા અને સુગંધ આદિ હોય છે.

આમ ૨૭મા પદ્યમાં કહ્યું કે, જિનપદ શરીરમાં નથી. ચેતયિતા તો ચેતનમાં છે કામ ક્રોધાદિને જીતે તે જિન છે. કેવળજ્ઞાનમાં જે જાગૃત જ્યોત પ્રગટ થઈ ગઈ છે, જેમાં એક સમયમાં લોકાલોક જણાય જાય છે એવો પ્રકાશવાન છે તે આત્મા છે. શરીરના તેજમાં આત્મા નથી.

હવે ૨૮મા પદ્યમાં દૃષ્ટાંત આપીને આ જ વાત સિદ્ધ કરશે કે, શરીરના વર્ણનથી ભગવાનના આત્માનું વર્ણન થતું નથી. શરીરની સ્થિતિને અને આત્માની સ્થિતિને સંબંધ નથી પણ આત્માની સ્થિતિ ઊંચી હોય ત્યારે શરીરની સ્થિતિ ગમે તેવી ન હોય ( અનુરૂપ જ હોય ).

નિયમસારમાં કહ્યું છે કે, " જ્ઞાનનિધિ પામીને એકલો ભોગવજે, કોઈની સાથે વાદ-વિવાદ કરીશ નહિ. " જેમાં મન અને વિકલ્પનો સંગ નથી એવા અસંગ તત્ત્વના જ્ઞાન અને ચારિત્રની વાત સાધારણ માણસને નહિ બેસે. અથડામણ થઈ જશે એ કરતાં તું એકલો બેસીને તારી જ્ઞાનનિધિને ભોગવ ! [ ક્રમશઃ ]

# શાસ્ત્રનું તાત્પર્ય : વીતરાગભાવ

[ શ્રી પંચાસ્તિકાય ગાથા-૧૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગભાવ છે.

આત્મામાં પરની અપેક્ષા છોડીને સ્વસ્વભાવની અપેક્ષા કરવી ને પરની ઉપેક્ષા કરવી—તે વીતરાગભાવનું કારણ છે, અને તે જ શાસ્ત્રનો સાર છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ જાણનાર છે, દર્શનસ્વભાવ દેખનાર છે, ચારિત્રસ્વભાવ સ્વરૂપમાં આચરણ કરનાર છે—એમ ગુણોના વર્ણનમાં પણ વીતરાગતા જ આવે છે.

છ દ્રવ્યો છે, અનંત જીવો છે, સ્વર્ગ-નરકાદિ છે, મોક્ષ છે, ઇત્યાદિ જેટલું વર્ણન શાસ્ત્રોમાં કર્યું છે તે બધાયનો સાર તો આત્માના સ્વભાવ તરફ વળીને વીતરાગભાવ પ્રગટ કરવો તે જ છે.

આત્માને રાગ-દ્વેષ-મોહભાવ થાય તે ભાવબંધ છે તે તેના નિમિત્તે પુદ્ગલકર્મ બંધાય તે દ્રવ્યબંધ છે. ભાવબંધ પણ મિથ્યાત્વાદિ પાંચ પ્રકારે છે.—આમ બંધતત્ત્વને ઓળખાવ્યું છે, તેને ઓળખીને પણ અબંધસ્વભાવ તરફ વળવું તે તાત્પર્ય છે. જ્ઞાનાવરણીયાદિ કર્મનું બંધન છે-તેનું વર્ણન કરીને શાસ્ત્રો એમ બતાવે છે કે તારી જ્ઞાનાદિ પર્યાય અટકી છે તેથી ભાવબંધ છે ને તેના નિમિત્તે દ્રવ્યબંધ થાય છે, પણ તે બંધભાવ તારું સ્વરૂપ નથી, એમ ઓળખાણ કરાવી છે. બંધ અને બંધ તરફનો ભાવ—તે બન્નેથી પાર ચિદાનંદ અબંધસ્વભાવને લક્ષમાં લેવો તે જ શાસ્ત્રોનો હેતુ છે, પણ જ્ઞાનાવરણીયાદિ કર્મનું વર્ણન કરવામાં એવો હેતુ નથી કે કર્મ જીવને રખડાવે છે! બંધ છે તે તારું સ્વરૂપ નથી એમ જાણીને સ્વભાવ તરફનો પુરુષાર્થ કર. નિદ્ધત અને નિકાચિત કર્મનું વર્ણન કરીને પણ એ જ વાત બતાવી છે કે તારા ઊંધા પુરુષાર્થથી કર્મ બંધાયું છે, તે તારા સ્વભાવ તરફના પુરુષાર્થથી તૂટી જાય છે.

શ્રી ધવળમાં કહે છે કે : આ ચૈતન્યબિંબ આત્માના ભાનસહિત જિનેન્દ્રબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મનો પણ ભાંગીને ભૂકો થઈ જાય છે.

મોક્ષના બે ભેદ છે : દ્રવ્યમોક્ષ ને ભાવમોક્ષ. તેરમાં ગુણસ્થાને કેવળી ભગવાનને ભાવમોક્ષ છે ને સર્વકર્મરહિત સિદ્ધદશા પ્રગટી તે દ્રવ્યમુક્તિ છે. મિથ્યાત્વાદિ ભાવોથી જેટલે અંશે છૂટયો તેટલે અંશે મુક્તિ છે. ચોથા ગુણસ્થાને ધર્મીને વસ્તુદૃષ્ટિ થઈ છે,

તે વસ્તુદૃષ્ટિ અપેક્ષાએ તો મુક્ત જ છે; દ્રવ્ય તો મુક્ત જ છે અને તેના આશ્રયે પર્યાયમ મુક્તદશા પ્રગટે છે. આમ બંધ–મોક્ષના પ્રકારો વર્ણવવામાં પણ શાસ્ત્રોનો હેતુ વીતરાગત જ કરાવવાનો છે.

વળી, સર્વજ્ઞદેવે કહેલાં શાસ્ત્રોમાં નિશ્ચય અને વ્યવહાર એવા બે પ્રકા મોક્ષમાર્ગનું કથન છે. વસ્તુ નિત્ય રહીને પલટતી હોય, પરથી ભિન્ન સ્વાધીન હોય તો જ તે પોતાના મોક્ષકાર્યને સાધી શકે. શુદ્ધ આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન ને એકાગ્રત તે જ મોક્ષમાર્ગ છે પણ પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં વચ્ચે જિનેન્દ્રદેવની ભક્તિ વગેરેનો ધર્મરાગ આવે છે; પણ મોક્ષનું કારણ તો વીતરાગભાવ જ છે, ત્યાં રાગ ઉપચારથી મોક્ષમાર્ગ કહેવાય છે.

જગતમાં દ્રવ્ય–ગુણ–પર્યાય બધું સત્ છે, તેને જેમ છે તેમ સમજવાનો આત્માને સ્વભાવ છે, પણ તેમાં કોઈને કાઢી શકે કે નવું કરી શકે એવું તેનું સામર્થ્ય નથી જડની ક્રિયાને જડ તરીકે જાણ, રાગને રાગ તરીકે જાણ, સ્વભાવ આશ્રિત વીતરાગ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર પ્રગટે તેને નિશ્ચયમોક્ષમાર્ગ જાણ પણ શરીરની ક્રિયાને મોક્ષનુ કારણ ન માન, રાગને મોક્ષનું કારણ ખરેખર ન માનઃ સ્વભાવની રુચિ રાખીને રાગ થાય તેને જાણ, નિશ્ચયમોક્ષમાર્ગની સાથે વચ્ચે રાગ આવે છે તેને આરોપથી વ્યવહા મોક્ષમાર્ગ કહીને તેનું જ્ઞાન કરાવ્યું છે, પણ નિશ્ચયમોક્ષમાર્ગ તો વીતરાગભાવ જ છે તે વીતરાગભાવ જ શાસ્ત્રોનું તાત્પર્ય છે.

સ્વભાવની સન્મુખ થતાં શાંત ચિત્ત થાય છે, આત્મા પોતે પોતામાં ઠરી જાય છે ને વીતરાગભાવ થાય છે, આવો વીતરાગભાવ મોક્ષનું કારણ છે. બહારન અવલંબને તો આકુળતા થાય છે, તે મોક્ષનું કારણ નથી. સ્વભાવ સન્મુખ થતાં જે સહજ શાંતનું વેદન થાય તે મોક્ષમાર્ગ છે. ભાઈ! તું શાંત થા...શાંત થા! સ્વભાવની સન્મુખ થઈને વીતરાગી શ્રદ્ધા–જ્ઞાન અને એકાગ્રતા કરી તેટલી શાંતિ છે, તે નિશ્ચયથી મોક્ષનું કારણ છે. વચ્ચે ભક્તિ વગેરેનો શુભરાગ આવે તે ખરેખર મોક્ષમાર્ગ નથી પણ તેને આરોપથી મોક્ષમાર્ગ કહ્યો છે. જુઓ, વીતરાગભાવ એ જ આત્માનું સાચુ જીવન છે. પરમ વીતરાગભાવ એક જ મોક્ષનું કારણ છે. જુઓ, નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગ—એમ બે પ્રકારે તેનું વર્ણન કર્યું, પણ મોક્ષનું ખરું કારણ તો એક જ છે. દુનિયાનો ગમે તેવો ખળભળાટ હો, પણ ચૈતન્યના આશ્રયે જે પરમ શાંત ભાવ પ્રગટ્યો તે ખસતો નથી. જુઓ, સ્વભાવ સન્મુખ થઈને વીતરાગભાવ પ્રગટે તેમાં જ શાંતિ છે, એ સિવાય પૈસામાં, સ્ત્રી વગેરેમાં શાંતિ નથી ને શુભરાગમાં પણ

ખરેખર શાંતિ નથી, પરાશ્રયભાવમાં ક્યાંય શાંતિ નથી. સ્વભાવ તરફ વળીને વીતરાગભાવ થાય તે જ સમસ્ત જૈનશાસ્ત્રોનું હાર્દ છે. માટે સર્વજ્ઞકથિત પરમાગમનું તાત્પર્ય તો સદા વીતરાગભાવ જ જાણે.

વ્યવહાર-નિશ્ચયનયના અવિરોધપણાવડે જ્યારે યથાર્થપણે જાણવામાં આવે છે ત્યારે જ વીતરાગભાવ પ્રગટ થાય છે. નીચે નબળાઈથી રાગ હોય છતાં તેનાથી ધર્મ નથી અને અંશે રાગ છે તેથી વીતરાગી સ્થિરતારૂપ ધર્મ જતો નથી.

લોકો શરીરાદિની ક્રિયામાં વ્યવહાર માને છે. તેણે આત્મા અને જડ બે દ્રવ્યની ભિન્નતા પણ જાણી નથી. શુભરાગથી ધર્મ નહિ, નિત્યાનંદ દ્રવ્યસ્વભાવના આશ્રયે જ ધર્મ છે. વસ્ત્ર રાખી મુનિપણું મનાવે તે મિથ્યાદૃષ્ટિ છે. મુનિદશામાં પરવસ્તુ નડતી નથી. પણ અંદર વીતરાગતાનું ઉગ્ર આલંબન વધતાં રાગ એટલો બધો ઘટી જાય કે વસ્ત્રાદિ રાખવાનો રાગ કદી હોઈ શકે નહિ.

શ્રોતા :—શુભરાગથી ધર્મ નથી તો જ્ઞાની રાગ કેમ કરે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્ઞાની રાગને કરતો નથી, તે તો તેનો જ્ઞાતા જ છે. નીચે નબળાઈની ભૂમિકામાં રાગ થઈ આવે છે, પણ તેનાથી ધર્મ નથી. રાગથી ધર્મ માને અને નિમિત્તના કારણે રાગ થાય એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે.

જ્ઞાની થાય, મુનિ થાય પછી ગમે તે વેશ, ક્રિયા કે સંયોગમાં રહે, કુદેવાદિને માને, સુદેવાદિનો વિનય ન કરે એવું હોય નહિ. જેમ રેશમી કપડા સાથે સડેલાં કંતાનને જોડી કોટ શીવડાવે એ શોભે નહિ તેમ નિશ્ચય આત્મામાં અને વ્યવહારમાં વીતરાગમાર્ગથી વિપરીત દેવ-શાસ્ત્ર-ગુરુને માનતો હોય, નવતત્ત્વ, છ દ્રવ્યનું જ્ઞાન ન હોય તો તે નિંદ્ય છે. તેને નિશ્ચય-વ્યવહારનો મેળ નથી.

સર્વજ્ઞના માર્ગમાં આવીને સત્‌દેવ-ગુરુ-શાસ્ત્ર, જિનપ્રતિમાની પૂજા, ભક્તિ વગેરેમાં પ્રેમ ન આવે તો તો કુલટા સ્ત્રી જેવો છે. નિશ્ચય સ્વભાવના ભાનસહિત વચ્ચે જે ભૂમિકામાં જેવો વ્યવહાર હોય તેવો સમજવો જોઈએ. કોઈ કહે કે અમને નિશ્ચય સ્વભાવનું ભાન છે, પણ વીતરાગી સંત-મુનિઓને દેખીને તેમના પ્રત્યે બહુમાન-ભક્તિ વિનયનો વિકલ્પ આવતો નથી—તો તેને નિશ્ચયવ્યવહારનું ભાન નથી. અરે ભાઈ! ઘરનાં સ્ત્રી-પુત્રની ચિંતાનો ભાવ આવે છે, ને વીતરાગી સંતમુનિઓને દેખતાં તને ભક્તિનો ઉલ્લાસ નથી આવતો, તો તને વ્યવહારનું કે નિશ્ચયનું એકેયનું ભાન નથી. નિશ્ચય અને વ્યહાર બન્નેને જેમ છે તેમ જાણે તો જ મોક્ષમાર્ગની સિદ્ધિ થાય છે. નિશ્ચયવ્યવહારના ભાન વિનાવાંછિત સિદ્ધિ થતી નથી. [ક્રમશઃ]

# ચમત્કારપૂર્ણ કહાનગુરુ–ઉપકાર પ્રભાવના

અર્થાત્

આધ્યાત્મ–યુગ–સર્જક, સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક, પરમ તારણહાર,
પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવનાયોગે
ઘાટકોપર–મુંબઈ શહેરમાં સાનંદ ઉજવાયેલો

# શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ

પરમ આદરણીય દિગંબર સંતોના પરમાગમોના ગૂઢ આધ્યાત્મિકભાવોને કોઈ ને કશીયે આશંકા ન રહી જાય તેવી તદ્દન સરળ ભાષા દ્વારા ૪૫-૪૫ વર્ષ સુધી સમજાવનાર અનંત–ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના તેમ જ તેઓશ્રીના અનંત–ઉપકાર–મહિમાનું સતત સ્મરણ કરાવનાર ભક્તરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ધર્મપ્રભાવનાયોગે, મુંબઈ શહેરના ઘાટકોપર–ઉપનગરમાં, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પવિત્ર કરકમળથી સંવત ૨૦૨૫માં પ્રતિષ્ઠિત 'શ્રી નેમિનાથ દિગમ્બર જિનમંદિર'ની પ્રતિષ્ઠા–રજતજયંતીના મંગળ પ્રસંગે, તે જ જિનમંદિરની અંદર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીભક્તગણ નિર્માપિત શ્રી કુન્દકુન્દ કહાન દિગમ્બર જૈન સ્વાધ્યાયખંડ (પ્રથમ માળે) તેમાં જ પરમાગમ શ્રી સમયસારાદિની સ્થાપના તેમ જ શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યદેવ, પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના આરસમાં કોતરેલ સુંદર ચિત્રપટ; બીજે માળે વિદેહીનાથ શ્રી સીમંધર જિનવરનું ભવ્ય સમવસરણ અને તેની મુનિસભામાં શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનું ખડગાશન નિર્ગ્રન્થ મુનિબિંબ, સમવસરણની ચારે તરફ શ્રી સીમંધરાદિ વીસ જિનવરોની વીસ મનોજ્ઞ વેદી; ભોંયતળીયે કહાનગુરુ–પ્રતિકૃતિ (સ્ટેચ્યુ) યુક્ત 'ગુરુ–સ્મૃતિમંદિર' તથા શ્રી નેમિનાથ જિનમંદિરના શિખરના ગોખલામાં શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ, શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ તેમ જ મુનિવર પદ્મપ્રભમલધારીદેવના ગુલાબી આરસમાં નિર્મિત ભવ્ય ચરણપાદુકા આદિ સહિત શ્રી દિગમ્બર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવનું તા. ૧૬–૫–૯૪થી ૨૩–૫–૯૪ સુધી આઠ દિવસનું જે ભવ્ય આયોજન શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુ મંડળે કર્યું હતું તે મહોત્સવ ખરેખર અકલ્પનીય ભવ્યતાથી અત્યંત આનંદ પૂર્વક સારી રીતે ઉજવાયો હતો. ઉત્સવના સમયે બધાની હૃદયભૂમિમાં ઉછળતા આનંદ-ઉત્સાહથી એવો અનુભવ થયો કે જાણે પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તેઓશ્રીના ભક્તરત્ન બહેનશ્રી ચંપાબહેન અંતરીક્ષમાં હાજર થઈ અનુભવપ્રધાન-તત્ત્વજ્ઞાનપૂર્વક શ્રી જિનેન્દ્રદેવની ભક્તિમાં પ્રોત્સાહિત કરી રહ્યા છે. આ ભવ્ય પ્રતિષ્ઠોત્સવ દ્વારા વસ્તુતઃ મુંબઈ શહેરમાં કહાનગુરુ–પ્રકાશિત અધ્યાત્મધર્મની ખૂબ પ્રભાવના થઈ હતી.

સમ્યગ્દર્શન-પ્રાપ્તિની પ્રેરણા અર્થે આવા જિનબિંબ પ્રતિષ્ઠા ઉત્સવનો લાભ લેવા હેતુ સોનગઢથી બ્રહ્મચારિણી બહેનો અને મુમુક્ષુઓ તથા દેશ-વિદેશના મુમુક્ષુઓ-એમ ૧૫૦૦ મુમુક્ષુઓ આવ્યા હતા, સ્થાનિક તેમ જ બહારના મળીને લગભગ ચાર હજારથી વધુની હાજરી રહી હતી. શાંતિજાપથી લઈને શાંતિયજ્ઞ તથા પ્રતિષ્ઠા-ઉત્સવ-સમાપન-રથયાત્રા સુધીના બધા કાર્યક્રમ ખૂબ નિયમિત તથા વિશેષ આનંદ-ઉલ્લાસ સાથે ઉજવાયા હતા. જન્મકલ્યાણકની શોભાયાત્રા તો ભવ્ય હતી.

આ ભવ્ય જિનપ્રતિષ્ઠોત્સવમાં વિશેષતા એ રહી કે પ્રતિષ્ઠાના શાસ્ત્રીય વિધિવિધાન ઉપરાંત ઉપસ્થિત મહેમાનોને અનુભવપ્રધાન તત્ત્વજ્ઞાનનો વિશેષ લાભ મળતો હતો. તત્ત્વજ્ઞાનના લાભનો મુખ્ય સ્રોત હતો આપણા તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઓડિયો-ટેપપ્રવચન તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા. સમયાનુસાર સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન પણ રાખવામાં આવ્યા હતા. આ મંગળ મહોત્સવમાં શ્રી હિંમતભાઈ ડગલી, ડૉ. પ્રવીણભાઈ દોશી (F. R. C. S. લંડન) રાજકોટ, શ્રી ચીમનભાઈ મોદી (મલાડ), શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), બ્ર. ચંદુલાલભાઈ ઝોબાલિયા (સોનગઢ), બ્ર. વ્રજલાલભાઈ શાહ (વઢવાણ), શ્રી દેવજીભાઈ પટેલ-કાનાતળાવ, શ્રી દિલીપભાઈ ડગલી અને શ્રી સુરેશભાઈ સંઘવીએ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રત ભક્તિભાવયુક્ત તાત્ત્વિક શાસ્ત્રપ્રવચન આપ્યા હતા.

આ જિનબિંબ-પંચકલ્યાણકની શાસ્ત્રોક્તવિધિ સોનગઢ નિવાસી, પૂજ્ય ગુરુદેવના અંતેવાસી આત્માર્થી વિદ્વાન બાળબ્રહ્મચારી શ્રી ચંદુલાલભાઈ ઝોબાલિયા (જૈન) તથા વઢવાણ નિવાસી આત્માર્થી વિદ્વાન બાળબ્રહ્મચારી શ્રી વ્રજલાલભાઈ શાહે કરાવી હતી. વાંકાનેર નિવાસી આત્માર્થી વિદ્વાન શ્રી સુભાષભાઈ શેઠે વિધિવિધાનમાં પોતાનો સહયોગ આપ્યો હતો. પ્રતિષ્ઠાની શુદ્ધ સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ કુશળતાપૂર્વક તથા આહ્લાદક ઢંગથી કરાવવામાં એ બે બ્રહ્મચારી ભાઈઓએ જે સહૃદય પરિશ્રમ લીધો હતો એ વિષયમાં કહેવામાં આવે તે ઓછું છે.

શરૂઆતમાં પ્રત્યેક વિધિ પ્રતિષ્ઠાચાર્ય દ્વારા સંક્ષેપમાં સમજાવવામાં આવતાં પ્રેક્ષકોને વિધિ સમજવામાં આનંદ આવતો હતો. બધા વિધિવિધાન નિશ્ચિત સમયમાં પૂર્ણ થઈ જતા હતા. આ મંગલ મહોત્સવમાં પાઠોચ્ચારી સ્પષ્ટતાની સાથે સાથે અધ્યાત્મપ્રમુખ તત્ત્વજ્ઞાન અને જિનભક્તિનો સુભગ સંગમ મુમુક્ષુઓને અનુભવાતો હતો.

પંચકલ્યાણક-પ્રતિષ્ઠાની મંગલ વિધિ દિગંબર જૈનાચાર્ય શ્રી વસુબિન્દુ (શ્રી જયસેનાચાર્ય) પ્રણીત 'પ્રતિષ્ઠાપાઠ' તથા માનનીય પ્રતિષ્ઠાચાર્ય પં. શ્રી નાથૂલાલજી, ઇન્દૌર દ્વારા સંકલિત 'પ્રતિષ્ઠા-પ્રદીપ'ના આધારે શુદ્ધામ્નાયાનુસાર કરાવવામાં આવી હતી.

પંચકલ્યાણક-જિનબિંબ પ્રતિષ્ઠોત્સવની વિધના ક્રમ અનુસાર શાંતિજાપપ્રારંભ, મંડપપ્રતિષ્ઠા, શોભાયાત્રા સાથે વિધિ-અધ્યક્ષ ૧૦૦૮ પરમપૂજ્ય શ્રી મહાવીરસ્વામીના પ્રતિષ્ઠિત જિનબિંબ પ્રતિષ્ઠા મંડપમાં બિરાજમાન કરવાની મંગલ વિધિ, નાંદીવિધાન (મંગલ કળશનું સ્થાપન), અખંડ-દીપપ્રદીપન, ધર્મધ્વજ-આરોહણ, પંચપરમેષ્ઠી-મંડલવિધાનપૂજા, જિનઅભિષેક, (પરમપૂજ્ય ગુરુદેવશ્રીના ચિત્રપટ સમક્ષ) ગુરુ-આજ્ઞા, ઇન્દ્ર-પ્રતિષ્ઠા, ઇન્દ્રોની શોભાયાત્રા, યાગમંડલપૂજા, ઘટયાત્રા, વેદી-કળશ-ધ્વજ-મંદિર-શિખરશુદ્ધિ આદિ શાસ્ત્રોક્તવિધિ ક્રમશઃ શરૂ કરીને તા. ૧૮-૫-૯૪ના રોજ રાત્રે વિધિનાયક ભગવાન શ્રી આદિનાથના ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયા શરૂ થઈ હતી. આ સમયે આયોજિત જે અચ્યુતેન્દ્રસભા ઇન્દ્રસભા તથા શ્રી નાભિરાજાની રાજસભામાં ઉપસ્થિત વિભિન્ન નરેશોની જિનેન્દ્રમહિમા પૂર્ણ આધ્યાત્મતત્ત્વચર્ચા, મહારાણી મરુદેવીની શ્રી હ્રીં ધૃતિ વગેરે દેવીઓ સાથે સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મરસસભર મનોજ્ઞ તત્ત્વગોષ્ઠી તથા જિનેન્દ્રભક્તિમય આનંદજનક વાતાવરણ—એ બધું અદ્ભુત હતા. શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ક્રમશઃ સ્વપ્નદર્શન, ગર્ભકલ્યાણક, જન્મકલ્યાણક, સુમેરુપર્વત-પાંડુકશિલા પર જન્માભિષેક, જન્મકલ્યાણક-પૂજા, ઇન્દ્રો દ્વારા સ્તુતિ તથા તાંડવ નૃત્ય, આદિનાથ-જન્મજયંતીના દિવસે 'નિલાંજના'-અપ્સરાના નૃત્ય-સમયે નિધનથી વૈરાગ્યોત્પતિ, બારહભાવના-ચિંતન, લૌકાંતિક દેવો દ્વારા વૈરાગ્યની સરાહના, દીક્ષાકલ્યાણક શોભાયાત્રા, દિક્ષાગ્રહણવિધિ, ઇન્દ્રો દ્વારા દિક્ષાકલ્યાણક-પૂજા, અંકન્યાસ, ૪૮ સંસ્કાર, હસ્તિનાપુર નગરીના રાજા સોમપ્રભ તથા તેના ભાઈ શ્રેયાંસકુમાર દ્વારા નવધાભક્તિપૂર્વક આહારદાન, ક્ષપકશ્રેણ્યારોહણના મન્ત્રસંસ્કાર ઇત્યાદિ તથા કેવળજ્ઞાનકલ્યાણક-પૂજા, અન્ય દેશોમાં જિનવર વિહાર તથા દેશના નિર્વાણકલ્યાણક-સમારોપણના નિમિત્તે નિર્વાણ ભક્તિપાઠ ઇત્યાદિના ભક્તિભાવભીના અદ્ભુત દશ્યો જોઈને મુમુક્ષુસમુદાયને અન્તરમાં એવો અનુભવ થતો હતો કે સમ્યગ્દર્શનની ઉત્પતિ માટે જિનાગમોમાં બાહ્ય સાધનના રૂપમાં એક 'જિનેન્દ્રમહિમાદર્શન' (પંચકલ્યાણકદર્શન) કહ્યું છે એ વસ્તુતઃ સત્ય છે.

આ મંગલ અવસરે જિનબિંબ-પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવની આનંદકારી સફળતાની શુભકામનાના તાર તથા પત્રો અનેક મુમુક્ષુમંડળ તથા મુમુક્ષુ મહાનુભાવ તરફથી આવ્યા હતા. તેમાંથી પ્રમુખતઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તેમ જ આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈના શુભકામનાના તારનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે :—

"પંચકલ્યાણક-મહોત્સવની સંપૂર્ણ સફળતા ઇચ્છીએ છીએ. પંચપરમેષ્ઠી ભગવંતોના પવિત્ર ચરણકમળમાં કોટીકોટી વંદન. દૈવી પવિત્ર ઉત્સવમાં ભાગ લેવાવાળા બધા મુમુક્ષુઓને હાર્દિક અભિનંદન."

આપણા આદરણીય પંડિતરત્ન, આદર્શ-આત્માર્થી શ્રી હિંમતલાલભાઈ જે. શાહની—'જાઓ! ફતેહ કરો! આ મંગલ મહોત્સવમાં કોઈ ચમત્કાર થશે'—એવા આશયની મંગલ શુભેચ્છાના હર્ષોલ્લાસમાં અસાધારણ આનંદોત્સાહથી ઉજવાયેલ આ પવિત્ર પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ખરેખર મુંબઈ નગરીના ઇતિહાસમાં સુવર્ણ-અક્ષરે અંકિત થઈ ગયો છે.

આ મંગલ મહોત્સવમાં વિભિન્ન બોલીઓના સમયે જે 'શ્રી વર્ષા' થઈ તે ખરેખર આશાધિક હતી. બધી બોલી ભૂતકાળના રેકોર્ડ તોડતી થકી તુરત પૂર્ણ થઈ જતી હતી. બોલીના સમયે, લાભાન્વિત થવાની ભાવનાથી ઉદારતાવાળા મહાનુભાવોમાં એવી પ્રસન્નતા દેખાતી હતી કે જાણે પરમપૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના ધર્મોપકારી પ્રતાપથી જ, સ્થાનિક તેમ જ દેશ-વિદેશના ધનદ આ પવિત્ર જિનબિમ્બ-મહોત્સવમાં ખેંચાઈ આવ્યા હોય! આ ઉત્સવમાં મુમુક્ષુમંડળને જન્માભિષેક, જિનબિમ્બ-પ્રતિષ્ઠા વગેરે અનેક બોલીઓ દ્વારા રૂા. ૧,૦૨,૦૦,૦૦૦-(એક કરોડ બે લાખની) આવક થઈ હતી.

શ્રી નાભિરાય મહારાજા તેમ જ શ્રી મરુદેવી માતા બનવાનું સૌભગ્ય ઘાટકોપર નિવાસી શ્રી નેમચંદ હરિલાલ શાહ તેમ જ તદ્ધર્મપત્ની શ્રી શાન્તાબેનને મળ્યો હતો. સૌધર્મ આદિ ૧૨ ઇન્દ્ર-ઇન્દ્રાણિ તેમ જ કુબેર બનવાનું સૌભાગ્ય અનુક્રમે :—

સૌધર્મ ઇન્દ્ર તથા શચી ઇન્દ્રાણી : નાઇરોબીનિવાસી શ્રી કિરણભાઈ હરખચન્દ્ર શાહ તથા અ. સૌ. શ્રી જયશ્રીબેન કિરણભાઈ શાહ; (૨) ઈશાનેન્દ્ર : શ્રી જિનેન્દ્રકુમાર બાબુલાલ શાહ, ઘાટકોપર; (૩) સનતેન્દ્ર : શ્રી શાન્તિલાલ ઠાકરશી મોદી, ઘાટકોપર; (૪) મહેન્દ્ર-ઇન્દ્ર : શ્રી પુષ્પાબેન અનન્તરાય ગાંધી, મલાડ; (૫) બ્રહ્મેન્દ્ર : શ્રી પુરીબેન શિવલાલ ગાંધી, મલાડ; (૬) લાન્તવેન્દ્ર : ધર્મેન્દ્ર શાન્તિલાલ મોદી, ઘાટકોપર; (૭) શુક્રેન્દ્ર : ભરતભાઈ શાન્તિલાલ શાહ, ઘાટકોપર; (૮) સતારેન્દ્ર : રાજેશ હિંમતલાલ મધીયા, દાદર; (૯) આનતેન્દ્ર : શ્રી શશિકાન્ત શાંતિલાલ મહેતા, ઘાટકોપર; (૧૦) પ્રાણતેન્દ્ર : શ્રી રજનીકાન્ત મગનલાલ મહેતા, ઘાટકોપર; (૧૩) આરણેન્દ્ર : શ્રી દેવાંગ રસિકલાલ ડગલી, ઘાટકોપર; (૧૨) અચ્યુતેન્દ્ર : શ્રી ગજેન્દ્રકુમાર નેમચંદ શાહ, ઘાટકોપર; (૧૩) સૌધર્મ-પ્રતીન્દ્ર : શ્રી નવીનભાઈ હિંમતલાલ શાહ, અંધેરી; (૧૪) ઈશાન-પ્રતીન્દ્ર : શ્રી ભૂપેન્દ્ર કલિદાસ કામદાર, માટુંગા; (૧૫) સનત-પ્રતીન્દ્ર : શ્રી વિજયકુમાર ચીમનલાલ મોદી, મલાડ; (૧૬) મહેન્દ્ર-પ્રતીન્દ્ર : શ્રી મનસુખલાલ છોટાલાલ ઓઝાગીયા, મુંબઈ; કુબેર : શ્રી નિરંજન ચંદુલાલ તુરખિયા, U. S. A.

* અષ્ટકુમારિકા દેવી : (૧) શ્રીદેવી : કુ. સ્વાતિ જિનેન્દ્રકુમાર શાહ; (૨) હ્રીદેવી : કુ. વિભૂતિ જિતેન્દ્ર શાહ; (૩) ધૃતિદેવી : કુ. મેઘના દીપકભાઈ ભાયાણી; (૪) બુદ્ધિદેવી : કુ. જિનંદા ભરતભાઈ શાહ; (૫) કીર્તિદેવી : કુ. શ્રદ્ધા અંજનભાઈ શાહ; (૬) લક્ષ્મીદેવી : કુ. રૂપાલી કીર્તિભાઈ ઓબાલિયા; (૭) શાંતિદેવી : કુ. અનુભૂતિ અંજનભાઈ શાહ; (૮) પુષ્ટિદેવી : કુ. અમી જિનેન્દ્ર શાહ. * દસ અહમિન્દ્ર : (૧) શ્રી પ્રેમચન્દ્ર પાનાચન્દ્ર ભાયાણી, (૨) શ્રી ભૂપેન્દ્ર કાલિદાસ કામદાર: (૩) શ્રી કિશોરભાઈ ધીરજલાલ ઓબાલિયા, બોરીવલી; (૪) શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી; (૫) શ્રી શશિકાન્ત શાન્તિલાલ મહેતા; (૬) શ્રી જયપ્રકાશ મનસુખલાલ કામદાર; (૭) શ્રી નગીનદાસ હિમ્મતલાલ ડગલી; (૮) શ્રી પ્રતાપરાય મણિલાલ ડગલી, ઘાટકોપર (૯) શ્રી શશિકાન્ત શાન્તિલાલ મહેતા ઘાટકોપર (૧૦) શ્રી રમણીકલાલ લાલચન્દ દોશી, ઘાટકોપર. * નાભિરાજ–દરબારના રાજા : (૧) શ્રી વિપુલ શાન્તિલાલ મોદી; (૨) શ્રી પ્રેમચન્દ્ર પાનાચન્દ ભાયાણી, (૩) શ્રી ચીમનલાલ / ગિરધરલાલ ઠાકરશી મોદી; (૪) શ્રી મનસુખલાલ વ્રજલાલ દૂધવાલે; (૫) શ્રી ભોગીલાલ લાલચન્દ શેઠ, મલાડ; (૬) શ્રી રમણીકલાલ લાલચન્દ દોશી, ઘાટકોપર; (૭) શ્રી ભોગીલાલ ચત્રભુજ દોશી, ઘાટકોપર; (૮) શ્રી કીર્તિકાન્ત રતીલાલ ઓબાલિયા; (૯) શ્રી સુશીલભાઈ વ્રજલાલ અમ્બાવી; (૧૦) શ્રી ઉત્તમલાલ હરિલાલ ઘોળકિયા; (૧૧) શ્રી કેશવલાલ વ્રજલાલ કોઠારી; (૧૨) શ્રી શશિકાન્ત નાગરદાસ કોઠારી, બોટાદ; (૧૩) શ્રી મહાસુખલાલ ભુપતરાય દોશી; (૧૪) શ્રી હંસરાજભાઈ દેવરાજ શાહ, નાઈરોબી; (૧૫) શ્રી નવનીતલાલ ભૂપતભાઈ દોશી, ઘાટકોપર; (૧૬) શ્રી જતીનભાઈ રસિકલાલ ડગલી * નાભિરાજાના મહામંત્રી : શ્રી જિતેન્દ્ર વ્રજલાલ શાહ.

* શ્રી નેમિનાથ-જિનમન્દિર–રજતજયંતીના રોજ જિનમંદિર પર ધ્વજારોહણનું સૌભાગ્ય શ્રી સવિતાબેન મનમોહનદાસ ગાંધી તથા શ્રી મંજુલાબેન ધીરજલાલ શાહ, ઘાટકોપરને પ્રાપ્ત થયું હતું.

* જળયાત્રા–પ્રથમ સુવર્ણ કળશ : શ્રી સવિતાબેન વ્રજલાલ અંબાવી, હા૦ શ્રી સુશીલભાઈ;

* જન્માભિષેક પ્રથમ સુવર્ણ કળશ : શ્રી અંજનભાઈ શાંતિલાલ શાહ, બાકીનાં સુવર્ણ કળશ ક્રમશઃ શ્રી પ્રવીણચંદ્ર નવલચંદ મહેતા, પાર્લા; શ્રી લીલાવંતીબેન ચંદુલાલ તુરખિયા; શ્રી બાબુલાલ નાનજી શાહ; નાઈરોબી જૈન મુમુક્ષુમંડળ; શ્રી શાંતિલાલ ઠાકરશી મોદી; શ્રી રૂપાળીબેન અમરચંદ ડગલી, લંડન.

* પારણાઝૂલન : પ્રથમ બોલી : શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મોદી—પરિવાર, ઘાટકોપર.

* લૌકાન્તિક દેવ : શ્રેયસ પ્રફુલ્લભાઈ રાજા, લંડન, મેહુલ ( બાબુલાલ નાનજીભાઈ શાહ ); રાહુલ ( ભોગીલાલ ચત્રભુજ દોશી ); નિશાન્ત વિપુલ મોદી; નિલેશ જિતેન્દ્ર શાહ; પારસ વિજયકુમાર મોદી; દીપેશ ( ભોગીલાલ ચત્રભુજ દોશી ); જિનેશ ગિરધરલાલ મોદી.

* આહારદાન : હસ્તિનાપુરના મહારાજા સોમપ્રભ તેમ જ તેમના લઘુબંધુ શ્રી શ્રેયાંસકુમાર બનવાનું સૌભાગ્ય શ્રી પ્રફુલ્લભાઈ દેવચંદ રાજા, નાઈરોબી તથા શ્રી શ્રેયસ પ્રફુલ્લભાઈ રાજા, લંડન ( હા. શ્રીમતી સરોજબેન પ્રફુલ્લભાઈ રાજા અને સુજલ પ્રફુલ્લભાઈ રાજા, નાઈરોબી )ને સંપ્રાપ્ત થયું હતું.

* શ્રી કુંદકુંદ-કહાન દિ૦ જૈન સ્વાધ્યાયખંડ નિર્માણમાં અનેક મહાનુભાવોનો સહયોગ પ્રાપ્ત થયો તેમાં:—(૧) શ્રી લીલાવંતીબેન ચંદુલાલ તુરખિયા-પરિવાર; (૨) શ્રી ભોગીલાલ ચત્રભુજ દોશી-પરિવાર; (૩) શ્રી રસિકલાલ અમરચંદ ડગલી-પરિવાર; (૪) શ્રી બાબુલાલ નાનજીભાઈ શાહ-પરિવાર; (૫) શ્રી જયન્તીલાલ બેચરદાસ; (૬) શ્રી મનસુખલાલ વ્રજલાલ દૂધવાળા; (૭) શ્રી ભગવતી-મહિલામંડલ, ઘાટકોપર અને (૮) શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા, મુંબઈ આદિનો પ્રમુખ ફાળો હતો.

* પ્રતિમા-મૂલ્યાર્પણનું સૌભાગ્ય નીચે દર્શાવેલ મહાનુભાવોનું સંપ્રાપ્ત થયું :— સમવસરણ–ચતુર્મુખપ્રતિમા : શ્રી ભોગીલાલ દોશી તથા તત્સુપુત્ર રજનીકાંત, રમેશ, શરદ અને મયૂર; શ્રી કુન્દકુન્દાચાર્ય–નિર્ગ્રન્થબિંબ : ભરતભાઈ શાન્તિલાલ શાહ, ઘાટકોપર; વીસ મનોજ્ઞ વેદિયોમાં પ્રતિષ્ઠેય પ્રતિમા : (૧) શ્રી સીમંધરસ્વામી : શાન્તિલાલ ઠાકરશી મોદી-પરિવાર; (૨) શ્રી યુગમન્ધરજિન : શશિકાન્ત શાન્તિલાલ મહેતા; (૩) શ્રી બાહુજિન : જિતેન્દ્ર વ્રજલાલ શાહ; (૪) શ્રી સુબાહુજિન : રમણીકલાલ લાલચંદ દોશી; (૫) શ્રી સંજાતકજિન : પ્રેમચંદ પાનાચન્દ ભાયાણી; (૬) શ્રી સ્વયંપ્રભજિન : શરદકુમાર મનમોહન ગાંધી, ઘાટકોપર; (૭) શ્રી ઋષભાનનજિન : શ્રી વનેચંદ ભુરાલાલ કોઠારી; (૮) શ્રી અનન્તવીર્યજિન : કમળબેન મનસુખલાલ કામદાર; (૯) શ્રી સૂરપ્રભજિન : મનસુખલાલ વ્રજલાલ શાહ; (૧૦) શ્રી વિશાલકીર્તિજિન : મંજુલાબેન અરવિંદભાઈ શાહ; (૧૧) શ્રી વજ્રધરજિન : અંજવાળીબેન વ્રજલાલ ધોળકિયા; (૧૨) શ્રી ચન્દ્રાનનજિન : નેમચંદ હરિલાલ શાહ; (૧૩) ચંદ્રબાહુજિન : કાંતાબેન ભોગીલાલ ડગલી, બોટાદ; (૧૪) શ્રી ભુજંગમજિન : બાબુભાઈ માણેકલાલ શાહ, ખાર; (૧૫) શ્રી ઈશ્વરજિન : કિરણભાઈ હરખચંદ શાહ, નાઈરોબી; (૧૬) શ્રી નેમપ્રભજિન : સુરેશભાઈ ચંદુલાલ તુરખિયા; (૧૭) શ્રી વીરસેનજિન : હેમલતાબેન જયંતીલાલ દોશી; (૧૮) શ્રી મહાભદ્રજિન :

બાબુલાલ નાનજી શાહ-પરિવાર; (૧૯) શ્રી દેવયશજિન : દેવયાનીબેન હર્ષદભાઈ; (૨૦) શ્રી અજિતવીર્યજિન : રસિકલાલ અમરચંદ ડગલી-પરિવાર. * વિધિનાયક શ્રી આદિનાથ ભગવાન : કુસુમબેન નવનીતલાલ દોશી-પરિવાર; બાલ બ્ર. શ્રી વાસુપૂજ્ય-ભગવાન : રાજેશ કાંતિલાલ મહેતા; બા. બ્ર. શ્રી મલ્લિનાથભગવાન : ગુણવંતરાય પ્રેમચંદ ભાયાણી.

* પૂજ્ય ગુરુદેવશ્રી–પ્રતિકૃતિ (સ્ટેચ્યૂ)-મૂલ્યાર્પણનું સૌભાગ્ય શ્રી પરસોત્તમદાસ ઓઘડદાસ કામદાર, હા. રમેશભાઈને પ્રાપ્ત થયું હતું.

* સંગેમર્મરનિર્મિત ભવ્ય ચિત્રપટ–અનાવરણ — ( ૧ ) ભગવત્કુન્દકુન્દાચાર્ય-ચિત્રપટ : હિમ્મતલાલ છોટાલાલ ઝોબાળિયા–પરિવાર; (૨) શ્રી કહાનગુરુ–ચિત્રપટ : શાન્તિલાલ ઠાકરશી મોદી–પરિવાર; (૩) ભગવતી બહેનશ્રી ચમ્પાબેન–ચિત્રપટ : પરસોત્તમદાસ ઓઘડદાસ કામદાર.

* સમવસરણમન્દિર પર કલશારોહણ તથા ધ્વજારોહણ : જેઠાલાલ દેવરાજ શાહ તથા હંસરાજ દેવરાજ શાહ, નાઈરોબી;

* શ્રી સમયસસારાદિ પંચ પરમાગમ–સ્થાપનાવિધિ–(૧) શ્રી સમયસાર : મંજુલાબેન શાન્તિલાલ મોદી–પરિવાર; (૨) શ્રી પ્રવચનસાર : સવિતાબેન વ્રજલાલ અમ્બાવી-પરિવાર; (૩) શ્રી પંચાસ્તિકાયસંગ્રહ : ઇન્દુબેન છગનલાલ મહેતા; (૪) શ્રી નિયમસાર : કાન્તિલાલ હરિલાલ શાહ, કાન્દીવલી; (૫) શ્રી અષ્ટપાહુડ : કાલિદાસ હકમચન્દ કામદાર.

* વિધિનાયક શ્રી આદિનાથ ભગવાન–સ્થાપના :— ડૉ. લીનાબેન અનિલભાઇ જોરાવરમલ મોદી. વાસુપૂજ્ય ભગવાન : લલ્લુભાઈ દામોદર મહેતા, ભાવનગર. શ્રી મલ્લિનાથ ભગવાન : ચંચલબેન પ્રેમચંદ ભાયાણી.

* શ્રી કુંદકુંદ કહાન દિ. જૈન સ્વાધ્યાયખંડનું ભવ્ય ઉદ્‌ઘાટન તેમ જ કહાનગુરુ–પ્રતિકૃતિ (સ્ટેચ્યૂ) અનાવરણવિધિ : શ્રી શાંતિલાલ રતીલાલ શાહ તથા શ્રીમતી શારદાબેન શાંતિલાલ શાહ–પરિવાર, સાયન. આ મંગલ અવસર પર શ્રી શાન્તિભાઈએ પૂજ્ય ગુરુદેવશ્રીનો ધર્મપ્રભાવનોદય તેમ જ સમર્પિતશ્રદ્ધાભક્તિવાળા મુમુક્ષુઓનો ઉલ્લાસ જોઈને ઉદ્‌ઘાટનવિધિના ઉલ્લાસમાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ ભક્તત્યુ-લ્લાવશ સ્વયં સ્ફુરિત ભાવનાથી, નિશ્ચિત રકમથી બમણી રકમ ઘોષિત કરી હતી. શ્રી શાન્તિભાઈને આ અનુપમ લાભ મળ્યો તેની પ્રસન્નતામાં તેમના સંબંધી શ્રી અનંતરાય અમુલખ શેઠ, સપાણી–પરિવાર, શ્રી મધુભાઈ ન્યાલચંદ શાહ, શ્રી મધુભાઈ કસ્તૂરચન્દ અને શ્રી શાંતિલાલ હરગોવિંદદાસ તરફથી પણ દાનરાશિ જાહેર કરવામાં આવી હતી.

* પંચકલ્યાણક-વિધિપુરસ્સર-પ્રતિષ્ઠિત-જિનપ્રતિમા-સ્થાપનાના મહાન સૌભાગ્યથી નીચે દર્શાવેલ મહાનુભાવ લાભાન્વિત થયા હતા. સમવસરણ-ચતુર્મુખ-શ્રીસીમન્ધર-જિનબિમ્બ :

શ્રી લીલાવંતીબેન ચંદુલાલ તુરખિયા તથા તેમના સુપુત્ર સુરેશભાઈ, નિરંજનભાઈ, પીયૂષભાઈ તથા અનિલભાઈ, અમેરિકા, * સમવસરણ-મુનિસભામાં ભગવત્કુંદકુંદાચાર્ય-મુનિબિંબ : શ્રી રૂપાળીબેન અમરચંદ ડગલી તથા સુપુત્ર રસિકભાઈ, મહાસુખ, ચંદ્રકાંત તથા જિનબાલ ડગલી, લંડન, * ધવલ સંગેમર્મરનિર્મિત ભવ્ય વીસ મનોહર વેદિયોમાં—(૧) શ્રી સીમંધરજિન : ભોગીલાલ ચત્રભુજ દોશી તથા સુપુત્રો રજનીકાન્ત, રમેશ, શરદ અને મયુર, (૨) શ્રી યુગમન્ધરજિન : શશિકાંત શાંતિલાલ મહેતા, (૩) શ્રી બાહુજિન : જિતેન્દ્ર વ્રજલાલ શાહ, (૪) શ્રી સુબાહુજિન : રમણીકલાલ લાલચંદ દોશી, (૫) શ્રી સંજાતકજિન : શાંન્તિલાલ ઠાકરશી મોદી, (૬) શ્રી સ્વયંપ્રભજિન : રાજુભાઈ ચતીલાલ ગાંધી, (૭) શ્રી ઋષભાનનજિન : ચીમનલાલ/ગિરધરલાલ ઠાકરશી મોદી, (૮) શ્રી અનંતવીર્યજિન : દિલીપભાઈ મનસુખલાલ કામદાર, (૯) શ્રી સૂરપ્રભજિન : મનસુખલાલ વ્રજલાલ શાહ, દૂધવાળા, (૧૦) શ્રી વિશાલકીર્તિજિન : મંજુલાબેન અરવિન્દ શાહ, (૧૧) શ્રી વજ્રધરજિન : પુષ્પાબેન ડગલી, (૧૨) શ્રી ચંદ્રાનનજિન : શ્રી પ્રેમચંદ પાનાચંદ ભાયાણી, (૧૩) શ્રી ચંદ્રબાહુજિન : પરસોત્તમદાસ ઓધડભાઈ કામદાર, (૧૪) શ્રી ભુજઙ્ગમજિન : કાલિદાસ હકમચંદ કામદાર, (૧૫) શ્રી ઈશ્વરજિન : રાજેશ કીર્તિકાન્ત ડગલી, (૧૬) શ્રી નેમપ્રભજિન : સુરેશભાઈ ચંદુલાલ તુરખિયા, (૧૭) શ્રી વીરસેનજિન : લતાબેન જયંતીલાલ દોશી, (૧૮) શ્રી મહાભદ્રજિન : બાબુલાલ નાનજીભાઈ શાહ, (૧૯) શ્રી દેવયશજિન : મનસુખલાલ હકમચંદ કામદાર, (૨૦) શ્રી અજિતવીર્યજિન : રસિકલાલ અમરચંદ ડગલી.

* ચરણચિહ્ન-મૂલ્યાર્પણ—(૧) કુંદકુંદ-ચરણચિહ્ન : રજનીકાન્ત મગનલાલ મહેતા, (૨) અમૃતચંદ્ર-ચરણચિહ્ન : મીરાબેન ભાઈલાલ પટેલ, (૩) પદ્મપ્રભ-ચરણચિહ્ન : રજનીકાંત અમૃતલાલ કામદાર.

* ચરણચિહ્ન-સ્થાપના—(૧) ભગવત્કુંદકુંદાચાર્ય-ચરણચિહ્ન : ધીરજલાલ ભવાનભાઈ શાહ તથા સવિતાબેન મનમોહનદાસ ગાંધી, (૨) શ્રીમદ્-અમૃતચંદ્રાચાર્ય-ચરણચિહ્ન : જડાવબેન નાનાલાલભાઈ જસાણી-પરિવાર, (૩) મુનિવર-શ્રી પદ્મપ્રભમલધારિદેવ-ચરણચિહ્ન : પ્રેમજી કેશવજી શાહ.

* પ્રતિષ્ઠોત્સવના દિવસોમાં વિભિન્ન અનેક મુમુક્ષુ મહાનુભાવ તરફથી સવારે નાસ્તો, તથા સવાર-સાંજ જમણ રાખવામાં આવ્યું હતું. જન્મકલ્યાણકદિને સવારે નાસ્તો તથા સવાર-સાંજનું જમણ : શ્રી ભોગીલાલ ચત્રભુજ દોશી, પ્રતિષ્ઠાદિને સવારનું જમણ : શ્રી પરસોત્તમદાસ ઓધડદાસ કામદાર, હા. રમેશભાઈ કામદાર તરફથી રાખવામાં આવ્યું હતું.

* પ્રતિષ્ઠાફંડમાં દેશવિદેશના અનેક મુમુક્ષુ મહાનુભાવોનું યોગદાન રહ્યું હતું

તેમાં શ્રી પુષ્પાબેન મનસુખલાલ દોશી, શ્રી નાઈરોબી–મુમુક્ષુમંડળ તેમ જ નાઈરોબીના શ્રી હંસરાજના દેવરાજ શાહ, શ્રી પ્રવીણચંદ્ર વેલજીભાઈ વગેરે મુખ્ય હતા.

* પ્રતિષ્ઠોત્સવરૂપ આ પવિત્ર આયોજનને સફળ બનાવવાનો પૂરો શ્રેય પૂજ્ય ગુરુદેવશ્રી તથા તેઓશ્રીના ભક્તરત્ન પૂજ્ય ભગવતી માતાના ઉપકારપ્રતાપને જ છે, તોપણ શ્રી ઘાટકોપર દિગમ્બર જૈન મુમુક્ષુમંડળના અધ્યક્ષથી લઈને બધા ટ્રસ્ટી, મંત્રી તથા કારોબારીના અને ભગવતી–મહિલામંડળના સદસ્યોનો શ્રેય ઓછો નથી. સર્વે ભાઈ ઓ તથા યુવા–સ્વયંસેવકો ઉત્સાહવંત તેમ જ કર્તવ્ય–પરાયણ હતા. નિર્માણ તેમ જ પ્રતિષ્ઠાના કાર્યમાં મંડળના ટ્રસ્ટી તેમ જ કાર્યકર સર્વશ્રી રસિકલાલ અમરચંદ ડગલી, જિતેન્દ્ર વ્રજલાલ શાહ, સુરેશભાઈ તુરખિયા, શાંતિલાલ ઠાકરશી મોદી, રજનીકાંત મગનલાલ મહેતા, અનિલભાઈ બાબુલાલ શાહ, રમેશભાઈ ભોગીલાલ, દોલતભાઈ ભાયાણી, ચંદુભાઈ ધોળકીયા, શશિકાંતભાઈ મહેતા અને વિપુલભાઈ મોદી તેમ જ તેમના અનેક સાથીઓની કૌશલ્યપૂર્ણ સક્રિય સેવા ખાસ ઉલ્લેખનીય છે. તન–મન–ધનથી તથા પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય ભગવતીમાતા પ્રતિ અતિશય ભક્તિભાવથી તેઓ દ્વારા આપવામાં આવેલી સેવાઓ માટે સમગ્ર ઘાટકોપર–મુમુક્ષુમંડળ તેમના પ્રતિ આભારી છે.

* આ મંગલ મહોત્સવમાં કિંમતી સહયોગ શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના ટ્રસ્ટી અને મંત્રી શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, નાઈરોબી મુમુક્ષુમંડળ તથા તેના સદસ્ય શ્રી હંસરાજભાઈ, પ્રફુલ્લ રાજા, કિરણભાઈ શાહ વગેરેએ આપ્યો હતો. પૂજ્ય ભગવતીમાતાના ભાણેજ બ્ર. કંચનબેન ચુડગર તથા બ્ર. કોકિલાબેન ખારા આદિ સોનગઢના બ્રહ્મચારિણી બહેનોએ પ્રતિષ્ઠા સંબંધી વિવિધ માર્ગદર્શન તેમ જ શ્રમપૂર્ણ ભક્તિભીનો સહયોગ આપ્યો હતો. સુશોભન, નિમંત્રણપત્રિકા તથા અન્ય વિવિધ મુદ્રણકાર્ય તેમ જ મંચ–વ્યવસ્થાકાર્યમાં સર્વશ્રી જતીન ડગલી, દેવાંગ ડગલી, વિપુલ મોદી, નિજેશ શાહ, ધવલ મહેતા, જિનેશ મોદી આદિએ સહયોગ આપ્યો હતો. પ્રતિષ્ઠાસામગ્રીસંચયન આદિ કાર્યમાં સર્વશ્રી રજનીભાઈ મહેતા, ભરતભાઈ શાહ, ભોગીભાઈ ડગલી તેમ જ ધીરૂભાઈ શેઠે સેવા આપી હતી. ભોજન–વ્યવસ્થામાં સર્વશ્રી જયવંતભાઈ મહેતા, નેમચંદભાઈ શાહ, ભરતભાઈ શાહ, પરાગભાઈ તુરખિયા, જિનેશભાઈ દોશી, શૈલેશભાઈ શાહ, શરદભાઇ ગાંધી આદિએ સુંદર સહયોગ આપ્યો હતો. સુરક્ષા તથા શોભાયાત્રા–વ્યવસ્થામાં સર્વશ્રી નલીનભાઈ શાહ, ઉત્તમભાઇ ધોળકિયા, પ્રતાપભાઇ ડગલી આદિએ તથા આવાસ–વ્યવસ્થામાં સર્વશ્રી જતીન ડગલી, ધર્મેન્દ્ર મોદી, ભદ્રેશ દોશી, રોહિત/રશ્મિ ધોળકિયા, અમીશ તુરખિયા અને અન્ય સાધારણવ્યવસ્થામાં સર્વશ્રી અનિલ ઝવેરી મહાસુખભાઇ દોશી, કીર્તિકાંત ઝોબાળિયા, મનુભાઇ, વિપુલ–હેમાંશુ ધોળકિયા, મેહુલ શાહ, મુકેશ શાહ આદિ અનેકે સ્તુત્ય કાર્ય કર્યું હતું. પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેપપ્રવચનની

વ્યવસ્થામાં શ્રી જિતુભાઈ મોદી ( સોનગઢ ) એ સુંદર સહયોગ આપ્યો હતો. શ્રી ઘાટકોપર તથા વઢવાણ દિગમ્બર જૈન ભજનમંડળીએ પોતાના ભક્તિગીતોથી શોભાયાત્રા તેમ જ પંચકલ્યાણકના પ્રત્યેક કાર્યક્રમ રોચક બનાવી દીધા હતા. મંચ પર સંગીત-ભક્તિકાર્યમાં શ્રી મનીષ શાહ તથા મલાડ-યુવકમંડળે સુંદર સહયોગ આપ્યો હતો. શ્રી રમેશભાઈ પરીખ તથા તેમના બંધુ શ્રી દીપકભાઈ પરીખ દ્વારા વિડિયો સેવા સારી રીતે આપવામાં આવી હતી. તદુપરાંત અનેક મહાનુભાવ છે કે જેના નામ ખબર નથી અથવા સ્મરણમાં નથી તે બધાએ આ મંગલ આયોજનને અતીવ સફળ બનાવીને વીતરાગ જૈનધર્મના પ્રભાવનોદયની વૃદ્ધિમાં ભક્તિભીનો લાભ લીધો હતો.—ખરેખર તે બધા ધન્યવાદને પાત્ર છે.

* આ મંગલ પ્રસંગે ધાર્મિક સાહિત્ય તથા ફોટા વગેરે અધિક પ્રમાણમાં વેચાયા હતા. ધાર્મિક સાહિત્ય તથા ફોટા આદિમાં વિભિન્ન મહાનુભાવો તરફથી ડિસ્કાઉન્ટ પણ રાખવામાં આવ્યું હતું. આ વિભાગમાં શ્રી કૌશિકભાઈ મહેતા તથા વિજયભાઈ બોટાદરાએ સહયોગ આપ્યો હતો.

* ઘાટકોપર દિગમ્બર જૈન મુમુક્ષુમંડળને વયોવૃદ્ધ માનનીય અધ્યક્ષ શ્રી ભોગીલાલ ચત્રભુજ દોશી ઉત્સવમાં અનેક વાર તેમ જ સમાપન સમયે હર્ષાશ્રુભરે નેત્રોથી ગદ્ગદ્ થઈને પોતાના ભદ્રતાપૂર્ણ હૃદયોદ્ગાર સહજતાથી વ્યક્ત કરતા થકા કહેતા હતા કે આ પ્રતિષ્ઠોત્સવ એટલો શાનદાર ઉજવાઈ રહ્યો છે તે ખરેખર પરમપૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતીમાતાનો જ બધો સુપ્રતાપ છે. તે ધર્માત્માઓના મંગલ આશિષ વિના આવો પ્રતિષ્ઠોત્સવ નિતાંત અસંભવ છે. આ બધા સમાચારથી પૂજ્ય ગુરુદેવ દ્વારા પ્રકાશિત ધર્મની ખૂબ પ્રભાવના થશે અને અનેક મુમુક્ષુઓ સોનગઢ આવીને લાભ લેવા ઉત્સુક બનશે. પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રીએ ઘણો ઉપકાર કર્યા છે. —*—

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં પુરુષો માટે

## જૈન ધાર્મિક શિક્ષણવર્ગ

સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મવિદ્યાના પ્રબળ પ્રવર્તક પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિ શ્રી સોનગઢમાં તા. ૪-૮-૯૪, ગુરુવાર થી તા. ૨૩-૮-૯૪, મંગળવાર સુધી વીસ દિવસના ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર નિમંત્રણ છે. શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિ:શુલ્ક છે.

* આવશ્યક સૂચના :-ગુજરાતી આત્મધર્મના વાર્ષિક ગ્રાહકોએ જુલાઈ-૯૪ થી જૂન-૯૫ સુધીના નવા વર્ષનું લવાજમ રૂ. ૯=૦૦ અથવા તો પોતાની ભાવિ પેઢીને પણ લાભ મળતો રહે તે માટે આજીવનસભ્ય બનવા રૂ. ૧૦૧=૦૦ સંસ્થાને તુરત મોકલી આપી વ્યવસ્થામાં સહકાર આપવા વિનંતી.

# સુવર્ણપુરીમાં સાનંદ સંપન્ન

## ૧૦૫મો

## કહાનગુરુ જન્મજયંતી–મહોત્સવ

આ યુગના સ્વાનુભૂતિતીર્થ–ધુરંધર મુમુક્ષુજગતારણહાર આપણા પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૦૫મી ભક્તજન–આનંદકારિણી મંગલ જન્મજયંતી (વૈશાખ સુદ ૨) તેઓશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મ–અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૮–૫–૯૪ થી તા. ૧૨–૫–૯૪—પાંચ દિવસના ભવ્ય સમારોહપૂર્વક અત્યંત આનંદોલ્લાસ સાથે ઉજવાઈ. વીતરાગમાર્ગદાતા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ પ્રતિ ઉપકૃત ભાવભીનો ભક્તિઉલ્લાસ ચારે બાજુ દેખાતો હતો. જો પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિ-પ્રેરક મંગળ ઉપસ્થિતિ હોત તો આ ગુરુ–જન્મજયંતી–મહોત્સવની રોનક તો કાંઈ નિરાળી જ હોત!

કાનાતળાવનિવાસી (સુરતવાસી) શ્રીમતી સાકરબેન દેવજીભાઈ રૂપારેલિયા (પટેલ) દ્વારા ઉજવાયેલ કહાનગુરુ–જન્મજયંતીના આ ભવ્ય મહોત્સવમાં દેશ–વિદેશના ૨૫૦૦થી વધુ મુમુક્ષુઓએ ભાગ લીધો હતો. આ વર્ષે પટેલ–મુમુક્ષુઓની વિશાળ સંખ્યા ઉપસ્થિત હતી, ૫૦૦થી વધુ પટેલ–મહેમાનો પધાર્યા હતા. પરમપૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે શ્રદ્ધાવંત મુમુક્ષુઓ દ્વારા આપણા આદરણીય આદર્શ આત્માર્થી ગુરુભક્ત પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહની ગુરુભક્તિભીની ઉપસ્થિતિમાં ઉજવાયેલો આ ગુરુભક્તિ-મહોત્સવ સાચે જ ધર્મ–પ્રભાવનાપૂર્ણ તથા આનંદદાયક રહ્યો.

આ ગુરુજન્મજયંતી–મહોત્સવમાં પ્રતિદિન સવારે પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની ઓડિયો ધર્મચર્ચા, નિત્યદર્શનપૂજા, ધાર્મિકશિક્ષણવર્ગ, ગુરુભક્તિપદ્યોથી અંકિત ભવ્ય 'બેનર' તથા વિવિધ શૃંગારથી સજાવેલા ભવ્ય મંડપમાં, પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મ-પ્રવચન, આદરણીય પં. શ્રી હિંમતભાઈના વૈરાગ્યભક્તિરસસભર મધુર સ્વરમાં ગુરુભક્તિ તથા ત્યારબાદ પરમાગમમંદિરમાં ચોંસઠઋદ્ધિ–મંડલવિધાનપૂજા, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' પર શાસ્ત્ર-પ્રવચન, પરમાગમમંદિરમાં આદરણીય પંડિતજી દ્વારા જિનેન્દ્રભક્તિ તથા ગુરુભક્તિ, શિક્ષણવર્ગ, સાંજે સ્વાધ્યાયમંદિરમાં ગુરુભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીનું નાઇરોબીમાં થયેલ વિડિયો–ટેપપ્રવચન તથા તીર્થયાત્રાની વિડિયો દ્વારા ગુરુદર્શન તથા બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા—આ રીતે કાર્યક્રમ નિત્ય ચાલતો

હતો. દરેક કાર્યક્રમમાં મુમુક્ષુઓની વિશાળ ઉપસ્થિતિથી જગ્યા ભરાઈ જતી હતી. એ દિવસ રાત્રે બાલક-બાલિકાઓ દ્વારા 'કહાનગુરુ-જન્મવધાઈ' તથા 'ધન્ય બન્યો ગઢ ગિરનાર' સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

'ગુરુ જન્મજયંતી'ના હર્ષોલ્લાસમાં, ૧૧ મેના દિવસે બપોરે 'ધાતકી વિદેહના ભાવિ જિનવર'ની ભવ્ય રથયાત્રાનું આયોજન કર્યું હતું, રથયાત્રામાં અનેક ભવ્ય સજાવટ સાથે 'કહાનકુંવરનું પારણા-ઝૂલન'નું ફ્લોટ ( FLOT ) પણ કાઢયું હતું. ભાવિ જિનવરની ભવ્ય રથયાત્રામાં બંને ભજનમંડળીઓએ ભક્તિભીનું રોચક વાતાવરણ બનાવી દીધું હતું.

ગુરુભક્તિના આ ભવ્ય ઉત્સવમાં ઉપસ્થિત વિદ્વાન ડો. શ્રી પ્રવિણભાઈ દોશી ( રાજકોટ ), સુરેશભાઈ સંઘવી ( મુંબઈ ), દેવજીભાઈ પટેલ તથા શ્રી હિંમતભાઈ ડગલી ( વીંછિયા ) એ ગુરુમહિમા ભરપૂર શાસ્ત્રપ્રવચન આપ્યું હતું.

## * જન્મજયન્તી—વૈશાખી બીજ *

ગુરુ-જન્મજયંતીના દિવસે, પૂજ્ય ગુરુદેવના સ્ટેચ્યુ સમક્ષ પ્રાતઃ દર્શન તથા સદ્ગુરુસ્તુતિ, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનું ઓડિયો 'માંગલિક' ત્યારબાદ ક્રમશઃ શ્રી પરમાગમમંદિરમાં ચોંસઠઋદ્ધિ-મંડલવિધાનપૂજા તથા તેનું સમાપન, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન, જન્મજયંતીની રકમ તથા અન્ય દાનરાશિની જાહેરાત બાદ આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતભાઈ દ્વારા સમસ્ત મુમુક્ષુસમાજ વતી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ ઉપકૃતભાવે ગુણાનુવાદ અભિવાદન ત્યારબાદ સ્વર્ણરંગી રજત ચામર વડે પૂજ્ય ગુરુદેવના સ્ટેચ્યૂ સમક્ષ જન્મવધાઈ. બપોરે શાસ્ત્રપ્રવચન, ગુરુભક્તિ, સાંજે જિનેન્દ્ર-આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું વિડિયો ટેપ-પ્રવચન, તીર્થયાત્રા-વિડિયો દ્વારા ગુરુદેવશ્રીના દર્શન તેમ જ બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા—એ રીતનો મંગલ કાર્યક્રમ રહ્યો હતો.

જન્મજયંતી-ઉત્સવના દિવસોમાં ધાર્મિક સાહિત્યમાં ૭૫% ડિસ્કાઉન્ટ નીચે જણાવેલ મહાનુભાવો તરફથી રાખ્યું હતું.

(૧) ૧૫% શ્રી જયંતીલાલ ચત્રભુજ દોશી, (૨) ૧૦% શ્રી કળાબેન હસમુખભાઈ વોરા, મુંબઈ (૩) ૧૦% શ્રી પુરીબેન શીવલાલ ગાંધી હસ્તે નિખીલ પ્રતાપભાઈ ગાંધી, (૪) ૫% શ્રી સપાણી-પરિવાર, મદ્રાસ-હૈદરાબાદ, મુંબઈ હસ્તે પ્રફુલ પ્રભુલાલ સપાણી તથા વિજય પ્રભુલાલ સપાણી, (૫) ૫% શ્રી કનકબેન અનંતરાય શેઠ, સાયન હસ્તે પારૂલ અનુજ શેઠ તથા દીપા હિતેન શેઠ (૭) ૫% શ્રી શારદાબેન શાંતિલાલ શાહ, સાયન હસ્તે રેખા નેમિષ શાહ તથા કવિતા કેતન શાહ (૭) ૫% શ્રી પ્રવિણાબેન કાંતિલાલ કામદાર પરિવાર, મદ્રાસ હસ્તે મીના અશ્વિન કામદાર તથા સ્મીતા ભરત

કામદાર (૮) ૫% શ્રી શાંતાબેન નાગરદાસ દામાણી, મદ્રાસ હસ્તે મીતા ગુણવંત દામાણી તથા કલ્પના રમેશ દામાણી (૯) ૧૫% શ્રી રમેશભાઈ તથા દિપકભાઈ વિડિયો–બંધુ, દાદર.

* પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો તથા પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાની કેસેટમાં રાજકોટ નિવાસી સ્વ. શ્રી પ્રભુલાલ મોહનલાલ ધીયા રાજકોટ તરફથી પાંચ દિવસો માટે ૨૫ % ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું હતું.

ગુરુ–જન્મોત્સવના આ મંગલ અવસરે સંસ્થાને નીચે પ્રમાણે દાનરાશિ પ્રાપ્ત થઈ હતી.

| | |
|---|---|
| * પ્રાસંગિક–મંડળવિધાન ખાતે | ૩૦૦૩–૦૦ |
| * રૂ. '૧૦૦૧' થી જન્મવધાઈના ૧૦૦૧ × ૧૨ કુટુંબ | ૧૨,૦૧૨–૦૦ |
| * રૂ. '૫૦૧'થી જન્મવધાઈના ૫૦૧ × ૧૪૯ કુટુંબ | ૭૪,૬૪૯–૦૦ |
| * રથયાત્રા–બોલી | ૨૨,૯૦૮–૦૦ |
| * '૧૦૫' × ૮૦૦ | ૮૪,૦૦૦–૦૦ |
| * જિનેન્દ્ર–આરતી | ૨,૨૫૦–૦૦ |
| * જન્મવધાઈ સ્ટેજ, રથયાત્રા, પારણાઝૂલનમાં | ૧૭,૯૨૩–૬૦ |
| * કાયમી મંડલવિધાનપૂજા ખાતે | ૧૦,૦૦૧–૦૦ |
| * '૧૦૫'મી જન્મજયંતી–મહોત્સવના અવસરે અન્ય શુભ ખાતે | ૧૬,૩૮૩–૦૦ |
| કુલ રૂા. | ૨,૪૩,૧૨૯–૬૦ |

—એ રીતે મંગલકારી ૧૦૫મી જન્મજયંતી આનંદોલ્લાસસહ ઉજવાઈ હતી.

* અષાઢ માસની નંદીશ્વર અષ્ટાહ્નિકા તા. ૧૫–૭–૯૪, શુક્રવારથી તા. ૨૨–૭–૯૪, શુક્રવાર—આઠ દિન સુધી શ્રી નંદીશ્વર–જિનાલયમાં પંચમેરુ–નંદીશ્વર–વિધાનપૂજાપૂર્વક તથા શ્રી વીરશાસનજયંતી (અષાડ વદ ૧, મહાવીર–તીર્થપ્રવર્તનજયંતી) તા. ૨૩–૭–૯૪ના રોજ 'શ્રી મહાવીર–કુંદકુંદ–પરમાગમમંદિર'માં પૂજાભક્તિના—વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

* પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૧મી મંગલમય જન્મજયંતી અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં સુરેન્દ્રનગરનિવાસી શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ–પરિવાર, હા. શ્રીમતી પુષ્પાબેન રસિકલાલ શાહ દ્વારા તા. ૧૯–૮–૯૪, શુક્રવારથી તા. ૨૩–૮–૯૪, મંગળવાર—પાંચ દિવસ સુધી અતિ હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. તે આનંદકારી મંગલ અવસરની કુમકુમ નિમંત્રણપત્રિકાની લેખન-વિધિ તા. ૨૪–૭–૯૪ રવિવારના રોજ રાખવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :—

* નાઈરોબીનિવાસી કરમણભાઈ નરસીની પુત્રી શ્રીમતી અજીતાબેન ભરતભાઈ (વર્ષ-૩૭) કેન્સરની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે.

* મદ્રાસનિવાસી મદ્રાસ-મુમુક્ષુમંડળના પ્રમુખ શ્રી શાંતિલાલ છગનલાલ શાહ, વાંકાનેરવાળા (વર્ષ-૭૭) તા. ૧૫-૨-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૩૦ વર્ષ સુધી પ્રમુખ રહીને જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા આદિ અનેક ધર્મપ્રભાવક કાર્યોમાં મોટો ફાળો આપ્યો હતો. તેઓ વાંચનકાર તરીકે મંદિરમાં નિયમિત વાંચન કરતા હતા. છેલ્લે છેલ્લે ૨ મહિના સોનગઢ રહીને ઘણો લાભ લીધો હતો તેમ જ સોનગઢ સ્થાયી થવાની ભાવના હતી.

* જામનગરનિવાસી શ્રી કનુભાઈ મણિલાલ પુનાતરની પૌત્રી ચિ. અનુભૂતિ સુનિલકુમાર (૪ માસ) તા. ૭-૩-૯૪ના રોજ હૃદયરોગની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગરનિવાસી (હાલ-ચાંદખેડા, અમદાવાદ) શ્રી નટવરલાલ ઉજમશી દેસાઈ (વર્ષ-૬૫) તા. ૮-૩-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢનિવાસી શ્રી મંગળાબેન પ્રભુદાસભાઈ કામદાર (વર્ષ-૬૫) તા. ૧૪-૩-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ જન્મથી જ સોનગઢ રહેતા હતા. તેથી તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો જ લાભ લીધો હતો. તત્ત્વજિજ્ઞાસુ અને ભક્તિવંત હતા.

* સાવરકુંડલાનિવાસી સ્વ. તારાચંદ કુરજી દોશીના જમાઈ શ્રી સુરેશભાઈ (વર્ષ-૫૬) તા. ૧૧-૧૧-૯૩ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી શ્રી સુમતિલાલ એસ. જૈનના માતાજી (વર્ષ-૮૦) તા. ૧૪-૩-૯૪ના રોજ બસ એકસીડન્ટથી સ્વર્ગવાસ પામ્યા છે.

* ઉદયપુરનિવાસી (હાલ-અમદાવાદ) શ્રી નેમીચંદજી મહેતાનું તા. ૨૪-૫-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વીંછીયાનિવાસી (હાલ મલાડ) શ્રી રતીલાલ કસળચંદ ડગલી (વર્ષ-૮૮) તા. ૧૬-૩-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાણપુરનિવાસી શ્રી છબીલદાસ વિચંદભાઈ શાહ (તે બ્ર. શારદાબેનના ભાઈ) (વર્ષ-૬૫) તા. ૨૦-૩-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા ૧૦ માસ સોનગઢ રહીને ઘણો લાભ લીધો હતો ને જન્મજયંતી ઉજવવા આવવાનો ઘણો ઉમંગ હતો.

* મુંબઈનિવાસી શ્રી ધીરજલાલ હરજીવનદાસ રૂપાણીના ધર્મપત્ની શ્રી સમરથબેન (વર્ષ-૬૮) તા. ૨૬-૩-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા પાંચ વર્ષ સોનગઢ રહીને સારો લાભ લીધો હતો.

* વડોદરાનિવાસી શ્રી સરસ્વતીબેન ભોગીલાલ શાહ તા. ૩-૪-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ભોપાલનિવાસી શ્રી મહેશચંદ્રજી જૈન ( BHEL ) ( વર્ષ-૫૩ ) તા. ૮-૪-૯૪ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તત્ત્વરસિક અધ્યાત્મપ્રેમી હતા. વર્ષોથી સોનગઢ આવીને ખૂબ લાભ લેતા. પોતાના ઘર ઉપર ચૈત્યાલય બનાવીને પૂજા-અભિષેક-શાસ્ત્રવાંચન ને સ્વાધ્યાય નિયમિત કરતા.

* વાંકાનેરનિવાસી ( હાલ વિલે પાર્લા ) મહેતા ધીરજલાલ મોતીચંદ ( વર્ષ-૫૭ ) તા. ૧૦-૪-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢનિવાસી શ્રી હેમકુંવરબેન મૂળચંદ શાહ ગઢડાવાળા ( વર્ષ-૮૨ ) તા. ૧૧-૪-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ૪૨ વર્ષથી સોનગઢ સ્થાયી રહીને ઘણો લાભ લીધો હતો.

* સુરેન્દ્રનગરનિવાસી પ્રિયંકા નિરંજનભાઈ ડેલીવાળા ( વર્ષ-૧૦ ) તા. ૧૨-૪-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સાવરકુંડલાનિવાસી શ્રી જગજીવન કરશનદાસ મહેતા ( દાસ બાપા ) ( વર્ષ-૯૩ ) તા. ૧૯-૪-૯૪ના રોજ કટક મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* દિલ્હીનિવાસી શ્રી જયકુમારજી જૈનના ધર્મપત્ની શ્રીમતી કનકમાલા જૈન ( વર્ષ-૬૪ ) તા. ૧૮-૪-૯૪ના રોજ હાર્ટફેઈલ થવાથી ધર્મશ્રવણ કરતાં કરતાં જાગૃતિ-પૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વર્ષોથી સોનગઢ આવીને ખૂબ લાભ લેતા હતા, તેઓ અત્યંત સરળ પરિણામી તથા તત્ત્વજિજ્ઞાસુ હતા.

* મુંબઈનિવાસી ( સાયન ) શ્રી ભાગ્યવંતીબેન જેચંદભાઈ મહેતા ( વર્ષ-૮૪ ) તા. ૨-૫-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મલકાપુરનિવાસી શ્રી ભીખીબેન રતનલાલ ( વર્ષ-૭૬ ) ( તે બ્ર. શ્રી રમેશચંદ્ર-ભાઈના માતુશ્રી ) તા. ૨-૬-૯૪ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૧૫ વર્ષથી સોનગઢ સ્થાયી રહીને ખૂબ લાભ લેતા હતા.

* કલોલનિવાસી શ્રી આત્મારામભાઈ ડાહ્યાલાલ શાહ ( વર્ષ-૯૦ લગભગ ) તા. ૨-૬-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સોનગઢ રહીને લાભ લીધો હતો.

* દહેગામનિવાસી ( હાલ-અમદાવાદ ) શ્રી અંબાલાલ કેશવલાલ શાહ ( તે શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ—તંત્રીના બનેવી ) ( વર્ષ-૮૪ ) તા. ૭-૬-૯૪ના રોજ જાગૃતિ-પૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તત્ત્વચિંતક, અધ્યાત્મરસિક, અત્યંત પ્રમાણિક, નિસ્પૃહી તથા સરળ પ્રકૃત્તિના હતા.

—સ્વર્ગસ્થ આત્માઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## અમેરિકા તેમ જ કેનેડામાં
## પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના
# 卐 અધ્યાત્મતત્ત્વ-પ્રચારનું સુંદર આયોજન 卐

ગત વર્ષ પ્રમાણે આ વર્ષે પણ અમેરિકામાં તેમ જ પ્રથમવાર કેનેડામાં પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સ્વાનુભવપ્રધાન અધ્યાત્મ તત્ત્વજ્ઞાનના વિશેષ પ્રચાર અર્થે, વોશિંગટનમાં વસતા મુમુક્ષુ ભાઈશ્રી હસમુખ એમ. શાહે આપણા રાજકોટના વિદ્વાન પ્રવચનકાર શ્રી રાજુભાઈ કામદારના પ્રોગ્રામનું આયોજન કર્યું છે. આ આયોજન ઈ. સ. ૧૯૯૪, જૂન ૨૫ થી સપ્ટેમ્બર ૨૦ સુધી ગોઠવ્યું છે. અમેરિકાના શ્રેષ્ઠ જૈન એસોસિયેશન 'JAINA'ની 'સ્કોલર વિઝિટેશન કમિટિ'માં ડાયરેક્ટર તરીકે શ્રી હસમુખભાઈની નિયુક્તિ થઈ છે. વોશિંગ્ટન, ન્યૂયોર્ક, બોસ્ટન, ટોરન્ટો (કેનેડા), ડીટ્રોઈટ, એટલાંટા, ચેરી હિલ, લેન્ડસડલ, કીંગસ્ટન, ડલાસ, ફીનીક્ષ—આ મુખ્ય સેન્ટરોમાં પ્રવચનો તથા શિબિરનું આયોજન ગોઠવેલ છે.

આ સંબંધી વધુ માહિતી માટે આ આયોજનના આયોજક શ્રી હસમુખ એમ. શાહ, 1409, RISING WIND COURT, SILVER SPRING, M D 20905, PHONE : ( 301 ) 384–1746નો સંપર્ક સાધવો.

[ તા. ૧૯-૮-૯૪ થી તા. ૨૩-૮-૯૪ ]

સુરેન્દ્રનગરનિવાસી શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ-પરિવાર દ્વારા

કહાનગુરુ-અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ઉજવવામાં આવશે

# ૮૧મો બહેનશ્રી-ચંપાબહેન-જન્મોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહિત જણાવવાનું કે—

ક્રમબદ્ધ જેવા અતિ માર્મિક સિદ્ધાંતના હાર્દ પ્રકાશક, નિશ્ચય-વ્યવહાર અને ઉપાદાન-નિમિત્તનું સ્વરૂપ સમજાવનાર, પુરુષાર્થની પ્રેરણામૂર્તિ, અધ્યાત્મયુગપ્રવર્તક, મુમુક્ષુ સમાજના પરમ તારણહાર, અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપકાર-મહિમાનું જીવનભર સ્મરણ કરનાર અને સ્મરણ કરાવનાર ભક્તશિરોમણિ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૧મી મંગલ જન્મજયંતી ( શ્રાવણ વદ બીજ ) સુરેન્દ્રનગર નિવાસી શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ ( હસ્તે શ્રીમતી પુષ્પાબેન રસિકલાલ શાહ ) તરફથી ભક્તિભાવપૂર્વક અતિ આનંદોલ્લાસ સહ સુવર્ણપુરીમાં ઉજવવામાં આવશે. જન્મ-જયંતીનો આ મંગલ મહોત્સવ શુક્રવાર, તા. ૧૯-૮-૯૪થી શ્રાવણ વદ બીજ, મંગળવાર, તા. ૨૩-૮-૯૪ —પાંચ દિવસ સુધી 'શ્રી ચોંસઠઋદ્ધિ મંડલ વિધાન પૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસપૂર્ણ ટેપ-પ્રવચન, બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા પૂજાભક્તિ, પુરુષો માટેનો શિક્ષણવર્ગ, યાત્રાની વિડિયો દ્વારા કહાનગુરુદર્શન તેમ જ અન્ય આહ્લાદકારી રોચક કાર્યક્રમપૂર્વક ઉજવામાં આવશે.

પૂજ્ય બહેનશ્રીના આ મંગલમય જન્મોત્સવનો અનુપમ લાભ લેવા પધારવા મુમુક્ષુસમાજને શ્રી રસિકલાલ જે. શાહ તરફથી હાર્દિક નિમંત્રણ છે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

## સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર

* ભાઈ ! તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર કે જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે, તારી મતિ સવળી થઈને આત્મામાં પરિણમી જશે. સત્‌ના સંસ્કાર ઊંડા નાખ્યા હશે ને આ ભવમાં કાર્ય ન થયું તો બીજી ગતિમાં સત્‌ પ્રગટશે. સાતમી નરકના નારકીને વેદનાનો પાર નથી પણ અંદરમાંથી પૂર્વ-સંસ્કાર જાગૃત થતાં સમ્યગ્દર્શન પામી જાય છે. માટે સત્‌ના ઊંડા સંસ્કાર અંતરમાં રેડ, ભાઈ ઊંડાણથી સતના સંસ્કાર નાખ ! ઉપર ઉપરથી તો સંસ્કાર અનેકવાર નાખ્યા પણ ઊંડાણથી એકવાર યથાર્થ સંસ્કાર નાખ તો બીજી ગતિમાં પણ સમ્યગ્દર્શન પ્રગટ થશે. —ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 ' Licensed to Post without prepayment '

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-
વિદેશ માટે ( સી-મેઇલથી ) રૂા. ૨૦૧/-
વિદેશ માટે ( સી-મેઇલથી ) રૂા. ૧૮/-
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે વાર્ષિક રૂા. ૧૬૮/- પોસ્ટેજના અલગ ]